

આ દ્રવ્ય-સ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે. જેમ અપ્રતિહતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યક્ત્વ થવાનું જ છે, તેમ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક....જ્ઞાયક....છું, રાગાદિ તે હું નહીં—એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*


કહાન સં. ૧૮
સં. ૨૦૫૪
[૬૫૨] * **આત્મધર્મ** * [અંક-૮ / વર્ષ-૫૪]
વીર સં. ૨૫૨૪
ફેબ્રુઆરી-૧૯૯૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ યહ દ્રવ્ય અનાદિ ઔર અનિધન હૈ અર્થાત્ ન કભી ઉત્પન્ન હોતા હૈ ઔર ન કભી નષ્ટ હોગા. જિસ પ્રકાર પાનીમેં પાનીકી લહરેં ઉત્પન્ન હોતી રહતી હૈં ઔર ઉસીમેં નષ્ટ હોતી રહતી હૈં ઉસી પ્રકાર ઈસ દ્રવ્યમેં ભી ઈસકી પર્યાયેં પ્રત્યેક ક્ષણમેં ઉત્પન્ન હોતી રહતી હૈં ઔર પ્રત્યેક ક્ષણમેં નષ્ટ હોતી રહતી હૈં. ૪૯૪.

*(મુનિવર નાગસેન, તત્ત્વાનુશાસન, શ્લોક-૧૧૨)*

❀ ભાગ્યવશે રાજા પણ ક્ષણવારમાં નિશ્ચયે રંક સમાન થઈ જાય છે તથા સમસ્ત રોગ રહિત યુવાન પુરુષ પણ તુરત જ મરણ પામે છે. આ રીતે અન્ય પદાર્થોના વિષયોમાં તો શું કહેવું? પણ જે લક્ષ્મી અને જીવન બન્નેય સંસારમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે તેમની પણ જો આવી સ્થિતિ છે તો વિદ્વાન મનુષ્યે બીજા કોના વિષયમાં અભિમાન કરવું જોઈએ? અર્થાત્ અભિમાન કરવા યોગ્ય કોઈ પણ પદાર્થ અહીં સ્થાયી નથી.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૪૨)*

❀ સશરીર અવસ્થામાં પણ આત્મા જ સુખરૂપ (–ઈન્દ્રિય સુખરૂપ) પરિણતિએ પરિણમે છે, દેહ નહિ; તેથી ત્યારે પણ (–સશરીર અવસ્થામાં પણ) સુખનું નિશ્ચય કારણ આત્મા જ છે અર્થાત્ ઈન્દ્રિયસુખનું પણ વાસ્તવિક કારણ આત્માનો જ અશુદ્ધ સ્વભાવ છે. અશુદ્ધ સ્વભાવે પરિણમતો આત્મા જ સ્વયમેવ ઈન્દ્રિયસુખરૂપ થાય છે, તેમાં દેહ કારણ નથી; કારણ કે સુખરૂપ પરિણતિ અને દેહ તદ્દન ભિન્ન હોવાને લીધે સુખને અને દેહને નિશ્ચયથી કાર્યકારણપણું બિલકુલ નથી. ૪૯૬.

*(શ્રી પ્રવચનસાર, ગાથા-૬૫નો ભાવાર્થ)*

❀ હે જીવ! તૂને ઈસલોકમેં તૃષાસે પીડિત હોકર તીનલોકકા સમસ્ત જલ પિયા, તો ભી તૃષાકા વ્યવચ્છેદ ન હુઆ અર્થાત્ પ્યાસ ન બૂઝી, ઈસલિયે તૂ ઈસ સંસારકા મંથન અર્થાત્ તેરે સંસારકા નાશ હો ઈસપ્રકાર નિશ્ચયરત્નત્રયકા ચિંતન કર. ૪૯૭.

*(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૨૩)*

કહાન
સંવત-૧૮
વર્ષ ૫૪
અંક ૮
[ ૬૫૨ ]




વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
FEB.
A. D. 1998

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ✲ મોક્ષની સર્વોત્તમતાની સિદ્ધિ ✲

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૯ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર છે. તેમાં ૪થી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જો ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરુષાર્થથી મોક્ષ પુરુષાર્થ ઉત્તમ ન હોય તો તે ત્રણેયને છોડીને મોક્ષમાં જિનદેવો શા માટે જાય!

जइ जिय उत्तमु होइ णवि एयहँ सयलहँ सोइ ।
तो किं तिण्णि वि परिहरवि जिण वच्चहिँ पर लोइ ॥४॥

ભાવાર્થઃ—'પર' અર્થાત્ 'ઉત્કૃષ્ટ', મિથ્યાત્વ રાગાદિ રહિત, કેવળજ્ઞાનાદિ-અનંતગુણસહિત પરમાત્મા ઉત્કૃષ્ટ છે. તે ગુણ વિશિષ્ટ પરમાત્માનું લોકન-અવલોકન-વીતરાગપરમાનંદરૂપ સમરસીભાવનું અનુભવન તે લોક છે. આ પ્રમાણે 'પરલોક' શબ્દનો અર્થ છે. અથવા 'પર' શબ્દથી પૂર્વોક્ત લક્ષણવાળો પરમાત્મા સમજવો.

વીતરાગપરિણતી દ્વારા આત્માને અવલોકવો તેને અહીં 'પરલોક' કહે છે. ભગવાન લોકાલોકને અવલોકે છે તેની વાત અહીં નથી. પોતાનું સ્વરૂપ ઉત્કૃષ્ટ છે તેને વીતરાગીજ્ઞાન વડે અનુભવવું તેનું નામ પરલોક છે.

નિશ્ચયથી 'પરમશિવ' શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા 'શિવ' સમજવો.

તેનો લોક તે શિવલોક છે. પોતાના સ્વરૂપનું અવલોકન કરવું તે પરમશિવરૂપ એટલે કલ્યાણરૂપ છે.

'પરમબ્રહ્મ' શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા પરમબ્રહ્મ સમજવો. તેનો લોક તે બ્રહ્મલોક છે. બીજો કોઈ બ્રહ્મલોક બહારમાં નથી. 'પરમવિષ્ણુલોક' પણ આત્મા જ છે. આત્માથી બહાર કોઈ વિષ્ણુનો લોક નથી.

પૂર્ણદશાને પ્રાપ્ત પરમાત્માની આ બધી વાત છે પણ પરમ એવા આત્માને જે જેટલો અનુભવે છે તેટલો તેના માટે પરલોક છે—ઉત્કૃષ્ટ લોક છે. પરમાત્મા પોતાના સ્વરૂપને પૂર્ણપણે અવલોકે છે અને નીચલી દશામાં જેટલા અંશે પોતાના આત્માને અવલોકે છે એટલો પોતાનો પરલોક છે. બાકી અન્યમતોએ કલ્પેલો એવો બીજો કોઈ શિવલોક, બ્રહ્મલોક કે વિષ્ણુલોક નથી.

અહીં સારાંશ એ છે કે 'પરલોક' નામથી કહેવાયેલો પરમાત્મા જ ઉપાદેય છે. પરમાનંદસ્વરૂપ પરમાત્મા જ આત્માને ઉપાદેય છે. રાગ, દ્વેષ, પુણ્ય-પાપ, નિમિત્ત, વિકલ્પાદિ કોઈ ઉપાદેય કે આદરણીય નથી. પરમાત્માને અવલોકવો તે જ ઉપાદેય અને આદરણીય છે. અનંતગુણ સંપન્ન મહાપ્રભુ જ દૃષ્ટિમાં લેવા લાયક છે.

પોતાની જ્ઞાનભૂમિકામાં પર દેખાય છે પણ તેને જોનાર હું પોતે કોણ છું તેને અજ્ઞાની જોતો નથી. કોઈ પણ પરચીજનું અવલોકન પોતાની જ્ઞાનપર્યાયમાં જ થાય છે, પરચીજમાં અવલોકન થતું નથી. જ્ઞાનની દશામાં પોતે પહેલો છે ત્યારે જ બીજાનું અવલોકન થાય છે. માટે જ્ઞાનની મુખ્યતાથી જુએ તો જ્ઞાન જ છે પણ અજ્ઞાનીને જ્ઞાનની મુખ્યતા નથી, એકલું આ બધું જણાય છે એમ દેખાય છે. જેમાં અવલોકન થાય છે તે તો પોતાની જ્ઞાનદશા છે એમ અજ્ઞાની જોતો નથી. આમ, તેની જ્ઞાનદશા પરના અવલોકનમાં રોકાય છે તેથી સ્વનું અવલોકન કરી શકતી નથી.

અહા! પોતે મહાપ્રભુ એવી અનંત અનંતગુણ સંપદાવંત છે કે જેમાં નજર નાખતાં નિર્મળ થઈ જાય. પરમાં નજર નાખતાં તો રાગ-દ્વેષ થાય છે અને અંતરમાં નજર નાખતાં વીતરાગતા થાય છે. પૂર્ણ આનંદ અને પૂર્ણ પ્રભુતાનાં પિંડ પ્રભુના અવલોકનમાં જે શાંતિ છે એવી બીજા કોઈ અવલોકનમાં શાંતિ નથી.

જે જ્ઞાનની વર્તમાનદશા જ્ઞાતાને અંતરથી અવલોકે તે જ્ઞાનમાં જ સુખ, શાંતિ અને ધર્મ છે. પર એટલે પ્રભુ આત્મા તેનું અવલોકન તે જ પરલોક છે, તે જ બ્રહ્મલોક છે, તે જ વિષ્ણુલોક છે અને તે જ શિવલોક છે. માટે લક્ષમાં લેવા લાયક—ધ્યાનમાં લેવા લાયક આ આત્મા જ છે. તેના ધ્યાનથી જ મોક્ષ છે.

હવે પમી ગાથામાં તે જ મોક્ષ સુખનો દેનાર છે એમ દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે.

उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ ।
तो किं इच्छहिँ बन्धणहिँ बद्धा पसुय वि सोइ ॥ ५ ॥

અરે! બંધનથી છૂટવામાં સુખ ન હોય તો કોઈ બંધનથી છૂટવા જ ન માગે. મોક્ષ એટલે છૂટવું. જો મોક્ષ ઉત્તમ ન હોય તો પછી બંધનોથી બંધાયેલ પશુઓ પણ મોક્ષને (બંધનથી છૂટવાને) કેમ ઇચ્છે! પશુઓ સામાન્ય બાહ્ય બંધનથી બંધાયેલા છે તેનાથી પણ છૂટવા માગે છે તો બધાં પ્રકારના બંધનથી પૂર્ણપણે છૂટવામાં જીવને સુખ કેમ ન હોય! બંધનથી પૂર્ણપણે છૂટવું તેનું નામ જ મોક્ષ છે અને તેમાં જ ખરું સુખ છે.

ભાઈ! પશુ પણ બંધનથી છૂટવા ઇચ્છે છે તેથી બંધનથી છૂટવા માટે થનગનાટ કરે છે તો તને બંધનથી છૂટવાનો રસ્તો બતાવવામાં આવે છે તેમાં રાજીપો ખુશીપો કેમ થતો નથી? પુણ્ય-પાપના ભાવમાં તો બંધન છે તેની વાતમાં તને મજા કેમ આવે છે?

માત્ર ૨૪ કલાકથી બંધાયેલા પશુને પણ જ્યાં તેનો માલિક ખીલાથી દોરડું છોડવા આવે ત્યાં રાજી રાજી થઈ જાય છે તો તું તો અનંતકાળથી બંધનમાં છો તને અમે તેમાંથી છૂટવાનો ઉપાય બતાવીએ છીએ ત્યાં રાજી થવાને બદલે અરે! અમારું પુણ્ય છૂટી જશે, પાપ છૂટી જશે એમ કરીને દુ:ખી કેમ થાય છે! બંધનથી છૂટવાની વાતમાં પશુ જેવા રાજી થાય અને તું રાજી ન થા તો તું તો પશુમાંથી પણ ગયો. પશુની જેમ તારે પણ મિથ્યાત્વનો ખીલો છે અને રાગ-દ્વેષના મોટા દોરડાથી ખીલા સાથે તું બંધાયો છો તેમાંથી તારે છૂટવું નથી?

રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકારમાં મને સુખ છે એવી માન્યતા કરી રાખી છે તે મિથ્યાત્વનો ખીલો છે. તારી ચીજ તો વિકલ્પ વિનાની સત્ ચિદાનંદસ્વરૂપ છે તેમાં લીન થવાને બદલે તને રાગમાં લીન થવું કેમ પોસાય છે! રાગથી છૂટીને સ્વભાવમાં સ્થિરતા કરવાનું તને કહીએ અને તું રાજી ન થા તો તું પશુથી પણ મૂરખ ઠર્યો.

મુનિરાજને તારી પાસેથી ક્યાં કાંઈ જોઈએ છે કે તને માખણ લગાડે. એ તો જેમ છે તેમ કહીને તને સાવધાન કરે છે કે અંતરમાં મુક્તસ્વરૂપ પ્રભુ બિરાજમાન છે એ મુક્તને મુક્ત કરવાની વાત કરીએ છે એ તને કેમ રુચતી નથી? બંધનથી છૂટવાની

વાતમાં તો તને ખુશી થવી જોઈએ. પ્રમોદ આવવો જોઈએ તેના બદલે ઊલટો નિષેધ આવે છે!

પશુનું બંધન તો સામાન્ય છે તેથી તેમાંથી છૂટવું એ પણ સામાન્ય છે તોપણ પશુ ખુશી થાય છે અને તારું તો મિથ્યાત્વ, કષાયાદિનું બંધન વિશેષ છે તેનાથી છૂટવું પણ વિશેષ છે માટે તને તો છૂટવાની વિશેષ અભિલાષા હોવી જોઈએ. બંધન સમાન કોઈ દુઃખ નથી અને છૂટવા સમાન કોઈ સુખ નથી.

સામાન્ય એટલે લૌકિક બંધનથી છૂટવામાં પણ સુખ થાય છે તો કર્મબંધનના અભાવથી જ્ઞાનીજનો સુખી થાય તેમાં શું આશ્ચર્ય છે?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ધ્રુવ મૂર્તિ છે તેને પુણ્ય-પાપના બંધનથી છોડાવી પૂર્ણાનંદમાં પ્રીતિ જોડવી તે બંધનથી છૂટવાનો ઉપાય છે. અરે! લૌકિક દૃષ્ટાંત આપીને કેવી મેળવણી કરી છે! નાના નાના વાછડા પણ બંધનથી છૂટવામાં કેવા થનગનાટ કરે છે તો તને અનાદિના અજ્ઞાનના અને વિકારના બંધનની પ્રીતિ છોડાવી, મુક્તસ્વરૂપની પ્રીતિ કરાવીએ છીએ તો તને રાજીપો કેમ થતો નથી?

શુભાશુભભાવ તો વિકારીભાવ છે, તેમાં તો આકુળતા છે તેમાંથી તને છોડાવીએ છીએ તો છૂટવાને બદલે તેને જ પકડીને રાખે છો! તેને છોડતાં તને રાડ કેમ પડે છે! આનંદના નાથના પડખે ચડવાને બદલે વિકારના પડખે ચડીને સુખી થવા માગે છો? ભાઈ! તારી દશા કેવી છે! તેથી જ શાસ્ત્રમાં અજ્ઞાનીને પશુ કહ્યો છે.

ભગવાન આત્મા વસ્તુસ્વરૂપે તદ્દન અબંધસ્વરૂપ જ છે તેને પુણ્ય-પાપને પોતાના માનવાથી બંધન છે. બહારની ચીજમાં એકત્વ માનવાથી એકત્વ તો થતું નથી પણ પુણ્ય-પાપનું બંધન થાય છે. સ્વભાવને બંધન રહિત જોતાં તેને સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ થાય છે અને સ્વભાવમાં સ્થિરતા થતાં વિશેષ આનંદ થાય છે. જેટલો અબંધસ્વરૂપમાં સ્થિર થાય એટલો બંધનથી છૂટે અને સુખી થાય તેમાં શું આશ્ચર્ય છે! પૂર્ણ બંધનથી રહિત થાય તો પૂર્ણ સુખી થાય એવું સ્વરૂપ છે, તેમાં નવાઈ નથી.

માટે એમ સમજાય છે કે મોક્ષ કેવળજ્ઞાનાદિ અનંતગુણોની સાથે અવિનાભાવ એવા ઉપાદેયરૂપ અનંતસુખનું કારણ હોવાથી જ્ઞાનીઓ વિશેષપણે મોક્ષને ઇચ્છે છે. દરેકે મોક્ષને જ ઉપાદેય કરવાયોગ્ય છે અને જેને મોક્ષ ઉપાદેય થાય છે તેને પુણ્ય-પાપભાવ આદરવાયોગ્ય રહેતા નથી. વસ્તુસ્વભાવ તો ઉપાદેય છે જ પણ તેની પૂર્ણનિર્મળ મોક્ષદશા પણ ઉપાદેય છે. મોક્ષને ઉપાદેય કરનારને વિકારીભાવ ઉપાદેય રહેતા નથી. તેનો આદર કે સ્વીકાર હોતો નથી.

સામાન્ય બંધનવાળા પશુ પણ બંધનથી છૂટકારાને ઇચ્છે છે તો જ્ઞાની તો વિશેષ બંધનથી છૂટવા માગે છે—વિકારથી છૂટવા માગે છે. વિકારથી બંધાવાની ઇચ્છા કરતાં નથી. વિકાર જ્ઞાનીની દશામાં હો ભલે, પણ જ્ઞાની તેને સ્વીકારતા નથી, ઇચ્છતા નથી—ભાવના કરતાં નથી કે એકાગ્ર થતાં નથી.

ભાઈ ! તું શક્તિએ પરમાત્મા છો ને ! તારે પ્રગટ પૂર્ણ પરમાત્મા જેવું થવું હોય તો રાગનો આદર નહિ થઈ શકે. રાગનો આદર છોડીશ તો પરમાત્માનો આદર થશે, તો પૂર્ણાનંદરૂપ મોક્ષની ભાવના થશે. જ્ઞાનીને રાગ કરવાની કે રાગને રાખવાની ભાવના હોય જ નહિ.

હવે આગળ છઠ્ઠી ગાથામાં યોગીન્દ્રદેવ આ જ વાતને પુષ્ટ કરતા કહે છે કે જો મોક્ષમાં અધિકગુણોનો સમૂહ ન હોત તો ત્રણલોક તેને પોતાના મસ્તક ઉપર શા માટે રાખે ?— અધિક મહિમાવંત વસ્તુને જ માણસ માથા ઉપર રાખે છે ને ! પાઘડીને માથા ઉપર રાખે પણ ચંપલને કોઈ માથા ઉપર ન રાખે.

આમ કહીને એ સિદ્ધ કરે છે કે સિદ્ધો લોકના અગ્રભાગમાં જ હોય, નીચે ન હોય. અનંતાજીવો નીચે છે પણ અનંત આનંદને અનુભવનારા સિદ્ધો લોકાગ્રે જ હોય.

अणु जइ जगहँ वि अहिययरु गुण-गणु ताणु ण होइ ।
तो तइलोउ वि किं धरइ णिय-सिर-उप्परि सोइ ॥ ६ ॥

અર્થ:—જો મોક્ષમાં સમસ્ત જગતથી પણ અધિકતર ગુણનો સમૂહ ન હોત તો ત્રણલોક પણ મોક્ષને જ પોતાના મસ્તક ઉપર શા માટે રાખે ? માટે, જેને ગુણોનો સમૂહ પ્રાપ્ત કર્યો છે એવા ધર્મીને મોક્ષ જ ઇચ્છવા—આદરવાલાયક છે.

લોકના શિખર ઉપર મોક્ષ છે એમ સિદ્ધ કરીને અહીં અન્યમતીના વિરોધનો નિષેધ કરે છે. ગુણ વગરનાને કોઈ પોતાના મસ્તક ઉપર ધારણ કરતું નથી. છોકરા ઉપર પ્રેમ હોય છે તેથી બાપ એને માથે લઈને ફરે છે તેમ પોતાથી અધિક ગુણવંત એવા મોક્ષની ઉપર પ્રેમ છે, મોક્ષને ઊંચો માને છે તેથી જગતજીવો તેને મસ્તકના સ્થાને રાખે છે. મોક્ષની ઉપર કોઈનું સ્થાન નથી, મોક્ષની ઉપર અનંત અલોક છે. સિદ્ધોને અલોકની નીચે હોવા છતાં અલોકનું જ્ઞાન તેમનામાં વસે છે. ત્રણલોક ભગવાનને ઊંચા માને છે તેથી ભગવાનને પોતાના મસ્તક ઉપર રાખે છે.

જો ક્ષાયિક સમકિત, અનંત આનંદ, અનંતજ્ઞાન, અનંતદર્શન...આદિ મોક્ષમાં ન હોત તો મોક્ષ બધાંના મસ્તક ઉપર ન હોત.

અનંત અનંત અનંત અપાર એવો અલોક પણ ભગવાનના જ્ઞાનમાં ભાસી રહ્યો છે. અંતવાળી ચીજ જ ભગવાનના જ્ઞાનમાં જણાય—એમ નથી. અનંતને ભગવાન અનંતપણે જાણે છે. ભગવાનના બેહદ અપાર જ્ઞાનમાં કાંઈ જણાયા વિના રહેતું નથી. આવા બેહદજ્ઞાનસ્વભાવ મોક્ષમાં અનંતસુખ કેમ ન હોય! એવા અનંતસુખને ધર્મી કેમ ન ઇચ્છે? પુણ્ય-પાપના વિકાર અને તેના ફળને ધર્મી કેમ ઇચ્છે! જેને પવિત્ર આનંદકંદની પ્રીતિ નથી તેને જ પુણ્ય-પાપના ભાવની અને તેના ફળની પ્રીતિ વર્તે છે—તે જ મિથ્યાદૃષ્ટિ છે.

પણ— પૈસાવાળા સુખી દેખાય છે ને!—ભાઈ એવી લોકો પોક મૂકે છે—પૈસાવાળા સુખી છે એમ લોકો બોલે છે પણ પૈસાવાળા સુખી નથી. લોક મૂકે પોક. લોકો તો ઊંધું બોલે છે તેનું સાંભળવું નહિ—એમ એક ભાઈ કહેતાં હતાં પણ અહીં તો કહે છે કે પુણ્ય-પાપભાવનું અવલોકન પણ કરવું નહિ. પુણ્ય-પાપભાવને એકલાને જ જોવા તે પણ બંધનું કારણ છે. અવલોકન તો એક ભગવાન આત્માનું કરવું એમ કહ્યું છે. જ્ઞાનાનંદસ્વરૂપના અવલોકનને પરલોક અર્થાત્ પ્રધાનદશા કહી છે.

હજી તો એને પુણ્ય-પાપભાવને છોડવાનું કહીએ તે પણ ગમતું નથી ત્યાં અહીં તો તેના અવલોકનનો પણ નિષેધ કર્યો છે. એકાંત પરપ્રકાશકજ્ઞાન મિથ્યાજ્ઞાન છે. પોતાના આત્માને પોતાના જ્ઞાનથી અવલોકતાં સાથે રહેલાં પુણ્ય-પાપનું જ્ઞાન પણ આવી જાય છે.

જેના ફળ અલૌકિક છે તે માર્ગ પણ અલૌકિક જ હોય ને! લૌકિક માર્ગમાં લૌકિક ફળ મળે. આ તો કોઈ અલૌકિક માર્ગ છે.

અહીં, મોક્ષમાં અનંત ગુણ પ્રગટ થાય છે એમ કહીને શું કરવું છે?—કે, જે મતો મોક્ષમાં ગુણ ન હોય એમ માને છે તેનું ખંડન કરવું છે. કેટલાક અન્યમતો એમ માને છે કે, ગુણાતીત થઈ જવું તે મોક્ષ છે પણ મોક્ષમાં જીવો વિકારાતીત થાય છે, ગુણાતીત થતાં નથી. કાંઈ ન રહેવું-શૂન્ય થઈ જવું તે મોક્ષ—એમ પણ નથી. વિકાર ન રહે પણ વસ્તુ અને વસ્તુના ગુણો તો રહે તેનું નામ મોક્ષ છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સુખ, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ વીર્ય એવી બધી પર્યાય જેમાં રહે છે તે દશાને મોક્ષ કહેવાય છે.

સિદ્ધભગવાન પોતાની અનંતગુણની પર્યાયમાં રમી રહ્યાં છે. સિદ્ધભગવાન સમયે સમયે અનંત સુખને સેવે છે. માટે મિથ્યાદૃષ્ટિની કલ્પનાઓનો નિષેધ થાય છે.

(૧) બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર નામના

નવ ગુણોનો અભાવ તે મોક્ષ—એમ વૈશેષિકો માને છે તેનો નિષેધ થાય છે. કેમ કે મોક્ષમાં ઈન્દ્રિયજનિત બુદ્ધિનો તો અભાવ થાય છે પણ કેવળજ્ઞાનરૂપી બુદ્ધિનો ત્યાં અભાવ નથી. ભગવાનને તો અનંતચક્ષુ ખુલી ગયા છે. ભગવાનને મોક્ષમાં ઈન્દ્રિયસુખનો અભાવ છે પણ અતીન્દ્રિયસુખ તો પ્રગટ થાય છે-તેનો અભાવ થતો નથી. મોક્ષમાર્ગમાં અતીન્દ્રિયસુખ અપૂર્ણ હોય તે ભગવાનને પૂર્ણ થઈ જાય છે.

સંસારઅવસ્થામાં જીવને એકલું દુ:ખ છે. ચારેયગતિમાં કયાંય સુખ નથી. જુઓ! રોગીને જ દુ:ખ છે એમ ન કહ્યું. સંસારમાં બધાંને દુ:ખ છે. ઈન્દ્રાસનમાં બેઠેલો ઇન્દ્ર પણ દુ:ખી છે કેમ કે, વિકારનો ભાવ જ દુ:ખરૂપ છે. કરોડો અપ્સરાઓ તરફ લક્ષ જાય છે તે વિકલ્પમાં આકુળતા છે, દુ:ખ છે—સુખ નથી. ભગવાનને દુ:ખ, ઈચ્છા, દ્વેષ અને પ્રયત્નનો તો અભાવ છે પણ સ્વભાવરૂપ ગુણોનો અભાવ નથી. કેવળજ્ઞાનરૂપ પરિણમન છે તેનો પુરુષાર્થ પણ છે.

મોક્ષમાં વ્યવહારધર્મનો અભાવ છે પણ વસ્તુના સ્વભાવરૂપ ધર્મનો અભાવ નથી. પરમાત્માને ધર્મ નથી—એમ નથી. નિર્મળ અને નિરાકુળધર્મ તો ત્યાં જ છે. પૂર્ણસ્વભાવની પરિણતી તે ધર્મ છે.

અધર્મનો ભગવાનને અભાવ માને છે તે તો બરાબર છે. ભગવાનને પરદ્રવ્યના સંસ્કાર નથી પણ સ્વભાવસંસ્કાર તો પૂર્ણ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિના સંસ્કાર ભગવાનને પૂર્ણપણે ખીલી ગયા છે માટે જે મત એમ માને છે કે ભગવાનમાં આવા ગુણો ન હોય તેનો અહીં નિષેધ થાય છે. મોક્ષ...મોક્ષ...તો બધા મતો કરે છે પણ મોક્ષની વાસ્તવિકતાને જાણ્યા વિના મોક્ષની સાચી શ્રદ્ધા થતી નથી.

આમ, નિર્ગુણવાદીઓનો નિષેધ થયો. હવે બૌદ્ધમતીનો નિષેધ કેમ થાય છે તે કહે છે.

(૨) જેમ દીવાનું બુઝાવું તે નિર્વાણ છે તેમ 'જીવનો અભાવ તે મોક્ષ' એમ બૌદ્ધો માને છે તેનું ખંડન થાય છે. કેમકે જો દીવો બુઝાઈ ગયો તો નિર્વાણ કોનો થયો! તેમ જો જીવનો જ અભાવ થયો તો મોક્ષ કોનો થયો! બૌદ્ધો જીવને ક્ષણિક માને છે એટલે ક્ષણિકસંસ્કારનો નાશ થતાં જીવનો જ અભાવ માને છે તેને કહે છે કે જીવની શુદ્ધતા તે મોક્ષ છે, જીવનો અભાવ તે મોક્ષ નથી. કેટલાક એમ કહે છે કે જ્યોતમાં જ્યોત ભળી જાય છે તો એમાં તો જીવનો અભાવ થયો—પરમાં ભળી જાય ત્યાં જીવનું પોતાનું જીવત્વ તો ન રહ્યું. મોક્ષમાં જીવનો અભાવ થતો નથી. જીવની સત્તા સંસારમાં પણ બધાંથી ભિન્ન છે અને મોક્ષમાં પણ દરેક

જીવની—સિદ્ધની સત્તા ભિન્ન ભિન્ન છે. એક સિદ્ધની પર્યાય બીજા સિદ્ધમાં ભળી જતી નથી.

(૩) સાંખ્યદર્શનવાળા એમ કહે છે કે સુપ્ત અવસ્થાની સમાન સુખજ્ઞાનથી રહિત તે મોક્ષ છે તેનું પણ ખંડન થાય છે. મોક્ષમાં પૂર્ણજ્ઞાન અને પૂર્ણ સુખ છે. સુપ્તઅવસ્થામાં કાંઈ ભાન નથી એવી દશા મોક્ષમાં નથી. મોક્ષમાં તો પૂર્ણજ્ઞાનમય દશા છે.

કેટલાકને એમ થાય કે સિદ્ધ થાય તેને પણ પર્યાયની લપ છૂટતી નથી? પણ ભાઈ! પર્યાય તો જીવનો સ્વભાવ છે તે કેમ છૂટે! પર્યાયમાં જ અનંત આનંદનો અનુભવ થાય છે. દ્રવ્ય જેમ ત્રિકાળી વસ્તુ છે તેમ અતીન્દ્રિય આનંદનો અનુભવ તે પર્યાય છે.

(૪) મુક્ત થતાં જીવ ત્યાં ને ત્યાં રહેતો નથી. ઉપર ગમન કરી જાય છે. પંખીની પાંખ તૂટી જાય છે તો ત્યાં ને ત્યાં પડયું રહે છે ઊડતું નથી તેમ, બંધનથી છૂટતાં જીવ ત્યાં ને ત્યાં પડયો રહે છે—એમ નથી. મંડિક નામના નૈયાયિકમતીઓ એવું માને છે તે જૂઠું છે. બંધનથી મુક્ત થતાં જીવ લોકના શિખર ઉપર ગમન કરી જાય છે અને ત્યાં સ્થિત થાય છે, તેનાથી આગળ જતો નથી. આગળ ધર્માસ્તિકાયનું નિમિત્ત નથી માટે જતો નથી એમ નથી. તેનું ઉપાદાન જ એટલું છે.

જીવની અને મોક્ષની વાસ્તવિકદશા સમજ્યા વિના માત્ર વાતો કરે છે તે તો કલ્પના છે. કેટલાક કહે છે કે, બસ, બધાં વિકલ્પ છોડી દ્યો તો અનંતમાં ભળી જશો. ભાઈ! કોઈમાં ભળી જવું તે મોક્ષ નથી. આત્માની પૂર્ણાનંદદશા પ્રગટ થતાં તે સર્વ બંધનથી મુક્ત થઈ ઉપર ચાલ્યો જાય છે અને પછી સદાને માટે ત્યાં સ્થિર રહે છે. નીચે ફરી આવતાં નથી અને અલોકમાં પણ જતાં નથી.

ચૌદમા ગુણસ્થાને અકંપદશા થઈને, મુક્ત થઈ જાય છે ત્યારે ત્યાંને ત્યાં જ ભગવાન રહેતાં નથી, ગમન કરીને લોકાગ્રે સ્થિત થાય છે. મુક્ત અહીં થાય છે પણ અહીં રહેતાં નથી—સિદ્ધશિલા ઉપર ચાલ્યા જાય છે.

અન્યમતીમાં આત્મા શુદ્ધ છે...શુદ્ધ છે...એવી વાતો તો ઘણી કરે છે પણ ઊંધી કલ્પનાના પાર નથી.

જેમ કેદી, કેદથી છૂટીને કેદમાં રહેતાં નથી, પોતાના ઘરે જાય છે તેમ બંધનથી મુક્ત થયેલ જીવ નિર્વાણરૂપ નિજઘરમાં જાય છે.

જૈનમતમાં ઇન્દ્રિયજનિત જ્ઞાનનો અને ઇન્દ્રિયસુખનો મોક્ષમાં અભાવ કહ્યો છે

પણ કાંઈ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખનો ત્યાં અભાવ નથી. અતીન્દ્રિય જ્ઞાન અને સુખનો તો મોક્ષમાં સદ્‌ભાવ છે. જુઓ! મોક્ષમાં શું છે અને શું નથી એ બધું જાણવું પડશે. આત્માનું સ્વરૂપ શું છે, તેની દશા કેવી છે, કેવી રીતે પૂર્ણદશા થાય તેના જ્ઞાન વિના વિચાર રહિત થવા જશે તો શૂન્ય અથવા શુષ્ક થઈ જશે.

ચારજ્ઞાનનો મોક્ષમાં અભાવ છે પણ કેવળજ્ઞાનનો મોક્ષમાં અભાવ નથી. કેવળજ્ઞાનનો તો સદ્‌ભાવ છે. એ જ રીતે સ્પર્શ, રસ, ગંધાદિ વિષયથી થયેલા સુખનો તો મોક્ષમાં અભાવ છે પણ અતીન્દ્રિસુખનો અભાવ નથી. તેનો તો સદ્‌ભાવ છે.

કર્મજનિત ઇન્દ્રિયાદિ દશપ્રાણનો મોક્ષમાં અભાવ છે પણ અનંતજ્ઞાન, અનંતદર્શન, સુખ, સત્તારૂપ પ્રાણોનો ત્યાં અભાવ નથી. શુદ્ધજીવત્વનો ત્યાં સદ્‌ભાવ છે. માત્ર અશુદ્ધતાનો અભાવ છે, શુદ્ધપણાનો અભાવ નથી. આમ, મોક્ષમાં જીવની દશા કેવી છે તે તેણે બરાબર જાણવું જોઈએ.

આગળ કહે છે કે, જો મોક્ષ ઉત્તમ સુખને ન આપતો હોય તો સિદ્ધો શા માટે તેનું નિરંતર સેવન કરે! આંતરો પડ્યા વિના નિરંતર ભગવાન અનંત આનંદનું સેવન કરે છે.

સંસારમાં આંતરો પડ્યા વિના સમયે સમયે જીવને અનંતુ દુઃખનું વેદન થાય છે. મોક્ષમાર્ગમાં આંતરો પડ્યા વિના ધર્મીને થોડું સુખ મળ્યા જ કરે છે અને મોક્ષમાં ભગવાનને આંતરો પડ્યા વિના પૂર્ણ સુખ વેદાયા કરે છે. જો તેમાં સુખ ન હોય તો સિદ્ધો તેને શા માટે સેવે!

મોક્ષમાં પૂર્ણ વસ્તુ અને પૂર્ણ પર્યાયનું સેવન એ બંને સાથે છે. મોક્ષમાં પૂર્ણ સુખ ન હોય તો સિદ્ધો તેને કેમ સેવે! અનંત...અનંત...અનંતકાળ પૂર્ણ સુખમાં વીતે છે.

"સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો." પરમાત્મા સાદિ અનંત પર્યાયમાં પોતાના આનંદને સેવે છે. અજ્ઞાની દુઃખને વેદે છે અને દુઃખને સેવે છે ત્યારે પરમાત્મા અનંત આનંદને વેદે છે અને અનંત આનંદને સેવે છે.

અનંત આનંદ ન હોય તો અનંતકાળ સુધી સિદ્ધ તેને કેમ સેવે! એ આગળ ગાથામાં કહેશે.

[ ક્રમશઃ ]

# જ્ઞાનધારા ભવ-સમુદ્ર તરવાની નૌકા છે

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન-૫૭ )

શ્રી નાટક સમયસારનો આ પુણ્ય-પાપ એકત્વ અધિકાર છે. આત્મામાં જે શુભાશુભભાવ થાય છે તે બંનેની જાત એક જ છે, બંને બંધના જ કારણ છે એમ આ અધિકારમાં સમજાવે છે તેમાં ૧૧મા કળશ ઉપરનું ૧૪મુ પદ્ય આ પ્રમાણે છે:

'જ્ઞાન અને શુભાશુભકર્મોનું વર્ણન.'

जौलौं अष्ट कर्मकौ विनास नांही सरवथा,
तौलौं अन्तरातमामैं धारा दोइ बरनी ।
एक ग्यानधारा एक शुभाशुभ कर्मधारा,
दुहूंकी प्रकृति न्यारी न्यारी न्यारी धरनी ॥
इतनौ विसेस जु करमधारा बन्धरूप,
पराधीन सकति विविध बन्ध करनी ।
ग्यानधारा मोखरूप मोखकी करनहार,
दोखकी हरनहार भौ-समुद्र-तरनी ॥ १४ ॥

અર્થ:—જ્યાં સુધી આઠ કર્મ સંપૂર્ણપણે નષ્ટ ન થાય ત્યાં સુધી સમ્યગ્દષ્ટિમાં જ્ઞાનધારા અને શુભાશુભ કર્મધારા બંને વર્તે છે. બંને ધારાઓનો જુદો જુદો સ્વભાવ અને જુદી જુદી સત્તા છે. વિશેષ ભેદ એટલો છે કે કર્મધારા બંધરૂપ છે, આત્મશક્તિને પરાધીન કરે છે તથા અનેક પ્રકારે બંધને વધારે છે અને જ્ઞાનધારા મોક્ષસ્વરૂપ છે, મોક્ષ આપનાર છે, દોષોને દૂર કરે છે અને સંસારસાગરથી તરવા માટે નૌકા સમાન છે.

ધર્મી જીવને એટલે કે શુદ્ધાત્માના અનુભવી જીવને કે જેને વિભાવથી વિમુખ થઈને, સ્વભાવની સન્મુખ થઈને, અખંડ અને અભેદ એવા આત્માની અનુભવદશા પ્રગટ થઈ છે તેને જ્યાં સુધી આઠકર્મનો સંપૂર્ણપણે નાશ ન થાય ત્યાંસુધી તેની દશા કેવી હોય છે તે વર્ણવે છે.

આત્મા તો શુદ્ધોપયોગ સ્વભાવી છે તેમાં પુણ્ય-પાપ નથી. એવા આત્માનો શુદ્ધોપયોગ દ્વારા જેણે પર્યાયમાં અનુભવ કર્યો એવા અંતરાત્મા ધર્મી જીવને પણ

જ્યાંસુધી રાગનો પૂર્ણપણે અભાવ ન થાય ત્યાં સુધી તેની પરિણતિમાં બે પ્રકારની ધારા વહે છે એમ ભગવાને કહ્યું છે. તે બે ધારા કઇ છે ?—એક તો જ્ઞાનધારા અને એક શુભાશુભ કર્મધારા. આમ બે ધારા તેને વર્તે છે.

શુદ્ધ અખંડ અંતરતત્ત્વનું ભાન, પ્રતીતિ અને અંતરરમણતા પ્રગટ થઈ છે તે ધર્મીની જ્ઞાનધારા છે. આત્મસ્વભાવમાં એકાગ્રતાની ધારા તે જ્ઞાનધારા છે. તેનું નામ જ આત્મધારા છે. તેની સાથે રાગધારા પણ વર્તે છે પણ તે ધર્મીનું સ્વરૂપ નથી. શુભ અને અશુભ બંને પ્રકારના ભાવો આવે છે તે બંધના કારણ છે અને ધર્માત્માને તો અબંધસ્વભાવી આત્માનું ભાન થયું છે તેથી બંધભાવોને પોતાના માનતા નથી તોપણ શુભાશુભરાગ આવે છે. જેટલું શુદ્ધાત્માનું શરણ લીધું છે એટલી તો જ્ઞાનધારા વર્તે છે—વિશુદ્ધ-શુદ્ધ-નિર્મળપરિણતિ વર્તે છે તે તો ધર્મીની પોતાની ચીજ છે પણ તેની સાથે એક શુભાશુભ વિકલ્પની ધારા વહે છે. દયા, દાન, વ્રત, ભક્તિરૂપ શુભોપયોગ અને કામ, ક્રોધાદિરૂપ અશુભ ઉપયોગ તે બંને વૃત્તિઓ કર્મધારા છે. જોકે શુભાશુભભાવનો ધર્મી કર્તા નથી પણ તેની દશામાં એવા ભાવ હોય છે. જ્યાં સુધી આઠેય કર્મનો નાશ થયો નથી ત્યાંસુધી તેની ભૂમિકામાં શુભાશુભ વિકારીભાવ હોય છે. તેને અહીં કર્મધારા અર્થાત્ વિકારીભાવરૂપી કાર્યધારા કહેવામાં આવે છે.

આ જ્ઞાનધારા અને કર્મધારા એ બંનેનો સ્વભાવ ભિન્ન છે. પુણ્ય-પાપરૂપ કર્મધારાથી આત્મા ભિન્ન છે. એવા સ્વઆત્માને જ્ઞેય બનાવીને જેણે અંતરમાં જ્ઞાન પ્રગટ કર્યું તેને નિર્મળ એવી જ્ઞાનધારા કહેવાય છે. શુભાશુભભાવની પ્રકૃતિ મેલરૂપ છે અને શુદ્ધાત્માની પરિણતી નિર્મળ છે. બંનેના સ્વભાવ જ જુદાં છે. ન્યારી ન્યારી ઘરની ધરણી એટલે હોવાપણું. બંને ધારાનું હોવાપણું જુદું જુદું છે.

ધર્મની વાતો મોંઘી અને મૂલ્યવાળી છે. ભાઈ! જગતમાં તેના મૂલ્ય જેવી કોઈ મૂલ્યવાન વસ્તુ નથી એવી આ ચીજ છે. તેને સમજવા માટે અંતર સન્મુખનો અનંત અનંત અનંત પુરુષાર્થ જોઈએ છે. એ કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ કે પૂજા કરવાથી મળી જાય એવો આત્માનો સ્વભાવ જ નથી.

આત્માના ચૈતન્યસ્વભાવની ધારા પવિત્ર છે અને તેની સત્તા પણ કર્મધારાથી જુદી છે. પુણ્ય-પાપના વિકલ્પની ભૂમિ જુદી છે. આ તો વાત જ કોઈ જુદી છે. એને એની મહિમાની ખબર નથી. પ્રભુ! ક્રિયાકાંડ કરીને ધર્મ મનાવે છે એ મિથ્યાત્વને પોષે છે. અહીં તો ભગવાન કહે છે કે પુણ્ય-પાપની સત્તા આત્માથી જુદી છે. મહા પવિત્ર ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગને સ્પર્શ્યો પણ નથી.

જેમ અજીવની સત્તાથી જીવની સત્તા જુદી છે તેમ પુણ્ય-પાપરૂપ ચારગતિની સત્તા જીવની નિર્મળ સત્તાથી જુદી છે.

ધરણી એટલે સત્તા. આત્મા પુણ્ય-પાપ વિકલ્પની સત્તાને ધરતો નથી. અંતર-સ્વરૂપનો આશ્રય લઈને જે અંતરાત્મા થયો તેને જ્ઞાનધારા અને દયા. દાન, વ્રત, ભક્તિ આદિરૂપ કર્મધારા બંને ધારા છે એમ સિદ્ધ કરીને પછી કહે છે કે તે બંનેનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે અને સત્તા પણ ભિન્ન ભિન્ન છે. આઠ કર્મ નાશ ન થાય ત્યાં સુધી શુદ્ધતા અને અશુદ્ધતા બંને ધારાનું હોવાપણું છે પણ તેનો સ્વભાવ અને સત્તા ભિન્ન ભિન્ન છે. જીવનો સ્વભાવ શુદ્ધ છે અને અશુદ્ધતા તો આસ્રવનો સ્વભાવ છે.

મૂળ પાઠમાં **विहितस्तात्रन्न काचित्क्षतिः** છે એટલે કે જ્ઞાનધારા અને કર્મધારાને સાથે રહેવામાં વિરોધ નથી. તેનો અર્થ એવો નથી કે તે બંનેનો સ્વભાવ એક જાતનો છે. સ્વભાવ તો વિરુદ્ધ છે પણ સાથે રહેવામાં વિરોધ નથી. જેમ સમ્યક્ત્વ અને મિથ્યાત્વ સાથે રહી શકતાં નથી તેમ કર્મધારા અને જ્ઞાનધારા સાથે ન રહી શકે—એવું નથી. શુદ્ધભાવ અને શુભભાવની જાત એક નથી તોપણ સાથે રહી શકે છે.

કેટલાક એમ માને છે કે પંચમહાવ્રતાદિની યતિની ક્રિયા ધર્મ છે. પણ એમ નથી. શુભક્રિયા ભલે સમ્યગ્દૃષ્ટિની હો કે મિથ્યાદૃષ્ટિની હો પણ તે ધર્મ નથી.

આ તો ધીરજના વેપાર છે બાપા! શાંતિના સાગરમાં જવું છે તેમાં વચ્ચે અશાંતિનો ભાવ આવે છે તે કાંઈ અવિરોધ નથી, વિરુદ્ધ જ છે પણ તે ભૂમિકામાં એવો રાગ આવે જ નહિ—એમ નથી. રાગ આવ્યો માટે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ ન હોય—એવું નથી. સ્વભાવ અને વિભાવ બંને વિરુદ્ધભાવ હોવા છતાં તેને સાથે રહેવામાં વિરોધ નથી એટલે કે જ્ઞાનીની ભૂમિકામાં તે બંને ભાવો સાથે હોય છે. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને સાથે રહેવામાં પણ વિરોધ છે. સમ્યગ્દર્શન હોય ત્યાં મિથ્યાદર્શન રહી શકતું નથી.

અનાદિકાળથી જીવ હું રોટલી, દાળ, ભાત, મેસૂબ, પૈસા, સ્ત્રી, ધન આદિને સ્પર્શું છું અને અનુભવું છું એમ માનતો હતો પણ સ્પર્શ કે અનુભવ થતો ન હતો, તેને તો માત્ર શુભ-અશુભ ભાવનો સ્પર્શ અને અનુભવ થતો હતો, તે હવે જ્યાં ધર્મી થયો ત્યારે તેણે શેનો અનુભવ કર્યો?—કે, શુભ-અશુભ વિકલ્પથી જેની જાત જુદી છે એવી નિજવસ્તુનો સ્પર્શ કર્યો ત્યાં તેની પર્યાયમાં શાંતિ અને આનંદની ધારા વહેવા લાગી તેનો તેણે અનુભવ કર્યો. હવે શુદ્ધ પરિણતીની ધારા વહે છે તેની

સાથે શુભાશુભકર્મ ધારા પણ વહે છે પણ તે બંનેને સાથે રહેવામાં વિરોધ નથી. તેથી રાગ આવે ત્યાં શુદ્ધપરિણતી ચાલી જતી નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવને પણ જેટલાં શુભાશુભભાવો થાય છે તે બંધરૂપ છે. એકબાજુ કહ્યું છે કે, સમ્યગ્દૃષ્ટિને બંધ જ નથી, સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે. તે પણ અપેક્ષાએ બરાબર છે. પણ તેની પર્યાયમાં પુરુષાર્થની નબળાઈને લઈને થતાં શુભાશુભભાવ બંધનું જ કારણ છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ અને જ્ઞાન બંધનું કારણ નથી પણ રાગ તો બંધનું જ કારણ છે.

ધર્મીજીવને શુદ્ધસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ છે તે બંધરૂપ નથી અને જે બંધરૂપ છે એવી કર્મધારાનો તે સ્વામી નથી છતાં એ ધારા હોય છે—શુભ અને અશુભપરિણામની ધારા હોય છે તે બંધરૂપ છે. સમ્યગ્દૃષ્ટિને વ્યવહારથી મુક્ત કહ્યો છે ત્યાં તેને બંધ કયાં રહ્યો! કેમ કે, તેની દૃષ્ટિ અને નિર્મળધારામાં બંધ નથી. જેમ વસ્તુ અબંધ છે તેમ તેના આશ્રયે થતાં નિર્મળપરિણામ પણ અબંધ જ છે. એ જ સમ્યગ્દૃષ્ટિનું હોવાપણું છે અને તેમાં જ તેનું સ્વામીપણું છે. બાકી વિભાવધારા તેને રુચતી નથી તોપણ તે આવે છે. આમ, ધર્મની જ્ઞાનધારા અને કર્મધારા-વિભાવધારામાં મોટો તફાવત—વિશેષ છે.

આ કોઈ પક્ષ કે વાડાની વાત નથી. વસ્તુના સ્વભાવરૂપ ધર્મ છે. વસ્તુ જે આત્મા છે તે મહાપ્રભુ છે, પૂર્ણાનંદ છે, કૃતકૃત્યસ્વભાવી છે. તેના સ્વભાવમાં 'કરવું' એવું કાંઈ છે જ નહિ. સ્વયં પરિણમનસ્વભાવી હોવાથી પરિણમનને પણ કરવું પડતું નથી, પરિણમન થાય છે. વસ્તુસ્વભાવની દૃષ્ટિ થતાં 'મોક્ષમાર્ગના પરિણામને કરું' એ પણ રહેતું નથી તો પછી દયા-દાનના વિકલ્પને કરું એ તો કયાં રહે ભાઈ! પરિણામ આવી જાય છે—થાય છે—કરવાપણું રહેતુ નથી.

આવો મારગ છે બાપા! આ કાંઈ કોઈનો માર્ગ નથી. તારી જાતનો માર્ગ છે. તું સમજ તો તને તારો માર્ગ છે એમ સમજાય.

જ્યાં સુધી અધૂરી દશા છે ત્યાં સુધી વિકારની ધારા રહે છે તે કર્મના અસ્તિત્વમાં નથી કે કર્મથી નથી. જ્ઞાનીની પર્યાયમાં છે પણ પોતાનું સ્વરૂપ નથી માટે જ્ઞાની તેના સ્વામી નથી પણ શાસ્ત્રમાં તો જીવને સમજાવવા માટે કથનશૈલી એવી આવે કે ધર્મીને પુણ્ય-પાપના વિકલ્પો આવે છે. દયા-દાનના ભાવ આવે છે. બીજી તરફ એમ પણ આવે કે ધર્મી વ્યવહારથી જુદાં પડી ગયા છે-ધર્મીને રાગ થતો નથી, ધર્મીને તો નિર્મળધારા થાય છે. એ નિર્મળધારા પણ થાય છે, કરવી

પડતી નથી. દૃષ્ટિની દિશા બદલી એટલે પરિણામની દિશા પણ બદલાઈ ગઈ. પર્યાયમાં રમતો હતો તે હવે દ્રવ્યમાં રમવા લાગ્યો.

એને સમજાવવું શી રીતે! એક જ જીવની એક જ પર્યાયમાં અડધી નિર્મળતા છે અને અડધી મલિનતા-વિભાવ છે, તેમાંથી નિર્મળતા છે તે જ ખરેખર જીવની છે, વિભાવને જીવનો માત્ર કહેવાય છે, તેમાં ચૈતન્યનો અંશ પણ નથી. રાગધારા કહો, કર્મધારા કહો કે અચેતનધારા કહો બધું એક જ છે. રાગધારા છે તે ચૈતન્યધારા નથી. જાગૃત એવો ભગવાનઆત્મા અજાગૃતભાવે શી રીતે થાય! તેથી જ તો છઠ્ઠી ગાથામાં કહ્યું કે જ્ઞાયકભાવ પ્રમત્ત-અપ્રમત્તરૂપે નથી. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમતો નથી એટલે કે જ્ઞાયક જડ થતો નથી એમ કૌંસમાં ખુલાસો કર્યો છે તે બરાબર છે. કારણ કે આત્મા તો એકલો જ્ઞાનપ્રકાશનું પૂર છે, તે જેમાં જ્ઞાયકનો અંશ પણ નથી એવા પુણ્ય-પાપના વિકલ્પરૂપે કેમ થાય?

લોકોને તો કોઈ મોટી યાત્રા કાઢે, તંબુ તાણે, સાથે ભગવાનના પ્રતિમા રાખે, લાખો રૂપિયા ખર્ચે તો ધર્મ કર્યો એમ દેખાય છે પણ ભાઈ! બહારમાં ભટકવામાં ધર્મ ક્યાં હતો! ધર્મ તો અંતરમાં ઊંડા ઉતરતા પ્રગટ થાય એવો સૂક્ષ્મ ભાવ છે.

અહીં કહે છે કે, करमधारा बंधरूप, पराधीन...કર્મધારા બંધરૂપ તો છે અને પરાધીન છે, સ્વાધીન નથી. પર તેને આધીન કરાવતું નથી પણ પોતે રાગને આધીન થઈને પરાધીન થાય છે.

શ્રોતા:—આ બરાબર સમજાયું નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી:—પુણ્ય-પાપના વિકલ્પ સ્વના આશ્રયે થતાં નથી અને પર તેને કરાવતા નથી પણ નિમિત્તને આધીન થઈને સ્વયં પરાધીનદશા ઉત્પન્ન કરે છે.

વિકાર નિમિત્તની અપેક્ષા વિના પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે ઉત્પન્ન થાય છે પણ અહીં એ સિદ્ધ કરવું નથી. અહીં તો તે પરાધીનભાવ છે એમ સિદ્ધ કરવું છે. પરના આશ્રયે થાય છે માટે પરાધીન છે.

અહીં તો કહે છે કે પ્રતિક્રમણનો વિકલ્પ પણ કર્મધારા છે, આત્મધારા નથી.

અનંતકાળમાં અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો પણ સ્વભાવમાં કદી આવ્યો નથી. એક સમયની પર્યાયમાં જ રમ્યો છે. પર્યાય પાછળ વસ્તુ કોણ છે એ જોવાની એણે દરકાર પણ કરી નથી. બાર બાર મહિનાના ઉપવાસ કર્યા પણ વસ્તુ કોણ છે તે જોવા માટે નજર પણ કરી નથી. ચૈતન્યનિધાનની નજર વિના એની બધી ક્રિયા અને ભાવ અધર્મ છે.

તો પ્રશ્ન થાય કે અજ્ઞાનીના પુણ્ય આત્માનું હિત કરત નથી પણ ધર્મીના પુણ્ય-પરિણામ તો આત્માને લાભરૂપ છે કે નહિ? દયા, દાન, વ્રત, ભક્તિ, વાંચન, શ્રવણ, પાંચ-પાંચ કલાક સુધી હાથમાંથી પુસ્તક મૂકે નહિ—એટલી સ્વાધ્યાય કરે, મનન કરે તેનાથી ધર્મ થાય કે નહિ!...ના...પુણ્ય-પરિણામથી ધર્મ કોઈને ન થાય.

પુણ્ય-પરિણામ મારા અને તે મારું કર્તવ્ય છે એમ માનનારા અજ્ઞાની તો ફેઈલ થઈ ગયા છે. એમાં ફેઈલ થયાની તો એને ખબર પણ નથી અને શરીરમાં હાર્ટફેઈલ થાય ત્યાં આહાહા—થઈ જાય. ચૈતન્યને વિકલ્પરૂપ માન્યો તેણે ચૈતન્યને મડદું માન્યો. વિકલ્પ તો ચેતના વિનાના મડદાં છે. સતચિદાનંદપ્રભુ આત્મા વિકલ્પથી નિરાળો છે. તેના અનુભવી જ્ઞાનીઓને એક સમયની પર્યાય થોડી પરાધીનપણે કામ કરે છે તેનું માત્ર અહીં જ્ઞાન કરાવ્યું છે.

ધર્મીને પોતાના દ્રવ્યનો પૂર્ણ આશ્રય નથી એટલો પરનો આશ્રય તેને આવી જાય છે, એટલી કર્મધારા છે અને તે સમકિતીને પણ બંધરૂપ છે. ક્ષાયિક સમકિત હોય અને મતિ, શ્રુત, અવધિ આ ત્રણ જ્ઞાનના ધારક હોય તેને પણ કર્મધારા તો બંધરૂપ જ છે.

આ કોઈ ઝગડા કે વાદવિવાદ કર્યે પાર પડે તેવી વાત નથી. આમાં તો મૌન થઈ જવાની વાત છે.

સમ્યગ્દષ્ટિને રાગ અને બંધરહિત કહ્યાં છે તે દ્રવ્યદષ્ટિના જોરથી કહ્યાં છે. પણ તેની પર્યાયમાં કમજોરીવશ રાગ થાય છે તેથી બંધ પણ છે એવી પર્યાયદષ્ટિની વાત પણ જણાવી દીધી છે. બાકી રાગની ક્રિયાનો રસ્તો જીવનો નથી, અનેક પ્રકારના રાગ આવી જાય છે તેથી અનેક પ્રકારનો બંધ થાય છે.

ग्यानधारा मोखरूपी मोखकौ करनहार...ધર્મીની જ્ઞાનધારા એટલે આત્મધારા મોક્ષરૂપ છે. જ્ઞાનની પ્રધાનતાથી કથન છે તેથી જ્ઞાનધારા કહી પણ એકાંત જ્ઞાન—જાણપણાની વાત નથી. એકાંત જ્ઞાન અને એકાંત ક્રિયા એ તો મિથ્યાત્વનું ઝેર છે એ વાત આગળ કહેશે. અહીં તો જ્ઞાનધારા એટલે આત્મધારા મોક્ષરૂપ છે અને મોક્ષની કરનારી છે.

રાગ બંધરૂપ છે તો જ્ઞાન મોક્ષરૂપ છે. ત્રિકાળી શુદ્ધસ્વભાવના આશ્રયથી પ્રગટેલી જ્ઞાન અને શાંતિ આદિની નિર્મળદશા મોક્ષને દેનારી છે.

જે મોક્ષરૂપ હોય તે મોક્ષનું કારણ થાય. જે સ્વયં બંધરૂપ હોય તે મોક્ષનું કારણ ક્યાંથી થાય! એ તો બંધનું કારણ થાય.

હજુ જેને પરલક્ષી સમજણમાં પણ ફેર છે તે બધાં રઝળવાના છે.

વસ્તુ પોતે તો ત્રિકાળ શક્તિરૂપ મુક્તસ્વભાવ છે. તેથી તેના ભાનવાળી સમ્યગ્દર્શન જ્ઞાનની પર્યાયને મોક્ષરૂપ કહી દીધી છે. જ્ઞાનધારા મોક્ષરૂપ છે અને મોક્ષની કરનારી છે. અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા રાગ અને કર્મના સંબંધથી રહિત છે એટલે કે મુક્ત છે અને તેને અનુભવનારી જ્ઞાનધારા મોક્ષની કરનારી તથા દોષને હરનારી છે, રાગ-દ્વેષાદિ દોષને રાખનારી નહિ પણ ટાળનારી છે. જ્યાં સ્વભાવસન્મુખ થાય છે ત્યાં દોષને ટાળવા પડતાં નથી. ટળી જાય છે.

ભગવાન આત્માની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ જ્ઞાનધારા મોક્ષરૂપ છે, મોક્ષની કરનારી છે, દોષને હરનારી છે અને ભવ-સમુદ્રથી તારનારી છે. ચોરાશીના અવતારથી જીવને તારનારી આ જ્ઞાનધારા છે. દોષ ઉપર દૃષ્ટિ રાખીને દોષ ટળતો નથી. સ્વભાવનો આશ્રય લેતાં દોષની ઉત્પત્તિ ન થાય તેનું નામ દોષને ટાળનારી જ્ઞાનધારા કહેવાય છે. જ્ઞાનનો ઉત્પાદ થાય ત્યાં રાગનો ક્ષય થઈ જાય છે.

જ્ઞાનધારા સંસાર-સમુદ્રથી તરવા માટે નૌકા સમાન છે માટે તેને भौ–समुद्र तरनी કહી છે.

હવે ૧૫મા પદ્યમાં કહે છે કે, 'યથાયોગ્ય કર્મ અને જ્ઞાનથી મોક્ષ છે.' ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च । કર્મને કરતો નથી અને પ્રમાદને વશ થતો નથી તે મોક્ષને પામે છે. કથનમાં એમ આવે કે યથાયોગ્ય કર્મ કરે છે. એટલે કે, એ ભૂમિકામાં તેને યોગ્ય વિકલ્પો આવે છે. આવા કથન સમજાવવા માટે આવે પણ તેને પકડવા યોગ્ય નથી. ભાવને પકડવો. શબ્દને ન પકડવો. આ માટે એક સરસ દૃષ્ટાંત આવે છે—એક અંગ્રેજી-ગોરો માણસ કહે કે, હું બધું ગુજરાતી જાણું છું ત્યારે તેનો ડંફાસને તોડી પાડવા એક ગુજરાતી માણસ બાળકને બોલાવીને કાંઈ પૂછે છે તેનો ઉત્તર બાળકે આપ્યો. તો પહેલો ગુજરાતી કહે છે કે હવે જાણ્યું-જાણ્યું—એટલે બાળક તો સમજી ગયો કે આ મેં નથી જાણ્યું એમ કહે છે. બે વાર જાણ્યું-જાણ્યું કહ્યું એટલે જાણવું ઘણું થયું એમ નહિ. પણ જાણ્યું જ નથી એવો અર્થ પહેલો ગોરો જાણતો ન હતો. તેમ આત્મદેશની ભાષા પરદેશવાળા વિવેક કરીને સમજે તો જ સમજાય.

ધર્મીને આત્મામાં વિકલ્પ હોય છે એમ કહેવામાં પણ એકત્વ થઈ જાય છે. વિકલ્પ આવે છે તેનો ધર્મી જાણનાર રહે છે. કર્તા થતો નથી. આવો વસ્તુસ્વભાવ છે.

[ ક્રમશઃ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ અધિકાર ધ્યાનનો છે. સંસાર અને મોક્ષ બન્ને ધ્યાનથી થાય છે. વિકારનો અને પરની એકાગ્રતાથી સંસાર છે અને આત્મા ચિદાનંદ છે એવી શ્રદ્ધા જ્ઞાન અને રમણતારૂપી એકાગ્રતાથી મોક્ષ થાય છે. ચિદાનંદની એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે અને એનું ફળ તે મોક્ષ છે. સંસારનું ધ્યાન પરલક્ષી છે અને મોક્ષનું ધ્યાન સ્વલક્ષી છે. હિંસાદિમાં આનંદ માનવો તે રૌદ્રધ્યાન છે અને આત્માને ચૂકીને ઇષ્ટ વિયોગ તથા અનિષ્ટ સંયોગમાં પરલક્ષી ચિંતવન થાય તે આર્તધ્યાન છે. રૌદ્રધ્યાનના બે ભેદની વાત થઈ છે. હવે બીજા બે ભેદની વાત કરે છે.

परविसयहरणसीलो सगीयविसए सुरक्खणे दक्खो ।
तग्गयचिंताविट्ठो णिरंतरं तं पि रुद्दं पि ॥४७६॥

જે પુરુષ પરની વિષય સામગ્રી હરવાના સ્વભાવવાળો હોય, પોતાની વિષય સામગ્રીની રક્ષા કરવામાં પ્રવીણ હોય તથા એ બન્ને કાર્યોમાં નિરંતર તલ્લીન ચિત્ત રાખ્યા કરે તે પુરુષને આ પણ રૌદ્રધ્યાન જ છે.

આત્મા પરની સામગ્રીને હરી શકતો નથી અને પોતાની સામગ્રીને રાખી શકતો નથી. છતાં એમાં આનંદ માનવો તે મિથ્યાદષ્ટિનું રૌદ્રધ્યાન છે. અહીં બે વાત કરી છે. એક ચોરી કરવાના ભાવ અને રક્ષા કરવાના ભાવ આ બન્ને ભાવમાં તલ્લીન છે તે રૌદ્રધ્યાન છે અને તેનાથી સંસારમાં રખડે છે. કોઈ ચોરી કરી શકે કે પરવસ્તુની રક્ષા કરી શકે એની વાત નથી પણ એવો ભાવ કરે કે હું છું તો રક્ષણ થાય છે એવી લીનતામાં ચિદાનંદની લીનતા ચૂકી જાય છે. પૈસા કેમ વધે અને કેમ ન ઘટે? એનું ચિંતવન તે પાપ છે. છતાં એ માને કે મેં સારું કામ કર્યું તે રૌદ્રધ્યાન છે.

ભાવાર્થઃ—પરસંપદા ચોરવામાં પ્રવીણ હોય અને એમાં હર્ષ માને, પોતાની વિષયસામગ્રી રાખવાનો અતિ પ્રયત્ન કરે, તેની રક્ષા કરીને ખુશી થાય, આ બન્ને ભેદ રૌદ્રધ્યાનના છે ચારે ભેદરૂપ રૌદ્રધ્યાન તીવ્ર કષાયના કારણથી થાય છે. માટે મહાપાપ છે અને તે મહાબંધના કારણરૂપ છે. મહાપુરુષ એવા ધ્યાનને દૂરથી જ છોડે છે. જેટલા કોઈ જગતમાં ઉપદ્રવના કારણો છે તેટલા રૌદ્રધ્યાન યુક્ત પુરુષથી

બને છે. જે પાપ કરી ઊલટો હર્ષ માને—સુખ માને તેને ધર્મોપદેશ પણ લાગતો નથી. તે તો અચેત જેવો અતિ પ્રમાદી બની પાપમાં જ મસ્ત રહે છે.

અજ્ઞાની પાપના પરિણામ કરીને આનંદ માને છે. જ્ઞાની આનંદ માનતો નથી. અમે હોંશિયાર હતા અને ડહાપણ કર્યું તો આ બહારની વ્યવસ્થા બરાબર થઈ એમ માની ખુશી થાય છે તે ધર્મના ઉપદેશને સાંભળવાને પણ લાયક નથી. પૈસાની, આબરૂની, મોટરની, ઘોડાગાડીની, મકાનની વગેરેની વ્યવસ્થામાં આનંદ માને તે મિથ્યાદૃષ્ટિ છે. તે જીવ-આત્મા પુણ્ય-પાપથી રહિત છે અને જગતની ચીજનું આત્મા કાંઈ કરી શકે નહિ એ વાત સાંભળવાને લાયક નથી.

પાંચ ઇન્દ્રિયોના વિષયો કેમ રહે? એનું ચિંતવન કરવું તે રૌદ્રધ્યાન છે. એવા રૌદ્રધ્યાની પુરુષો ઉપદ્રવના નિમિત્તો થાય છે. પૈસા કેમ રાખવા? અને કેમ આપવા? એની વ્યવસ્થા મારા સિવાય બીજાને આવડે નહિ એમ અભિમાન કરે, તે જીવોને ધર્મોપદેશ લાગતો નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દેહની ક્રિયા પણ તારાથી થતી નથી એ વાત એને બેસતી નથી. મૂર્ખાઓ મૂર્ખાઈ કરીને મૂર્ખાઈમાં આનંદ માને છે. તે અચેતન-જડ જેવો થઈ ગયો હોવાથી એને ધર્મની વાત બેસતી નથી. મૂઢ જેવો થઈને પરમાં મસ્ત થઈ ગયો છે. પરમાં એકાગ્ર થઈને પરનું રક્ષણ કરવાની જ જેને બુદ્ધિ છે તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરીને હોંશિયારી માને છે તે મિથ્યાદૃષ્ટિ છે અને પાપી છે. અહીં જ્ઞાનીને નબળાઈના કારણે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય છે એની વાત લીધી નથી. જ્ઞાનીનો દોર હાથમાં હોવાથી મિથ્યાદૃષ્ટિની જેમ આર્તધ્યાન રૌદ્રધ્યાન એને હોતું નથી.

હવે ધર્મધ્યાન કહે છે.

> विण्णि वि असुहे झाणे पावणिहाणे य दुक्खसंताणे ।
> णच्चा दूरे वज्जह धम्मे पुण आयरं कुणह ॥ ૪૭૭ ॥

અર્થ:—હે ભવ્ય પ્રાણી! આ બંને આર્ત-રૌદ્રધ્યાન અશુભ છે અને પાપના નિધાનરૂપ અને દુઃખના સંતાનરૂપ જાણી દૂરથી જ ત્યાગ કરો અને ધર્મધ્યાનમાં આદર કરો! હિંસા આદિના પાપ કરીને, એમાં આનંદ માને તો તે મિથ્યાત્વરૂપી પાપની ખાણ છે ને ચિદાનંદ આત્મા આનંદની ખાણ છે તેને ભૂલ્યો એટલે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય છે તે પાપનું નિધાન છે...આનંદનું ધ્યાન, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. માટે હે ભવ્ય પ્રાણી! તું તે ધર્મધ્યાનનો આદર કર અને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને છોડ.

ભાવાર્થ.—આર્ત-રૌદ્ર બંને ધ્યાન અશુભ છે, પાપના ભરેલાં છે અને એમાં દુઃખની જ પરંપરા ચાલ્યા કરે છે. માટે એનો ત્યાગ કરી. ધર્મધ્યાન કરવાનો શ્રી ગુરુનો ઉપદેશ છે. કોઈ કહે કે પૈસો ભેગો કરીએ પછી નિરાંતે ધર્મ થાય તો એ વાત ખોટી છે. સાતમી નારકીમાં તેત્રીસ સાગરની સ્થિતિમાં પાણી કે અન્નનો દાણો પણ મળતો નથી એટલા પ્રતિકૂળ સંયોગો છે છતાં ત્યાં જીવો ધર્મ પામે છે. " નિર્ધનતા દોષ નથી અને સધનતા તે ગુણ નથી. " હું નિર્ધન છું અને હું સધન છું એવો ભાવ તે દોષ છે અને એની પરંપરાની લાળમાં સંસાર છે. બુદ્ધ પુરુષો તે લાળને છોડી દે છે. આત્મા ચિદાનંદ છે એની શ્રદ્ધા જ્ઞાન અને રમણતારૂપી ચિંતવન કરે છે તે ધર્મધ્યાન છે.

આગળ ધર્મનું સ્વરૂપ કહે છે.

धम्मो वत्थुसहावो खमादिभावो य दशविहो धम्मो ।
रणयत्तयं च धम्मो जीवाणं रक्खणं धम्मो ॥ ४७८ ॥

અર્થ:—વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે જેમ જીવનો દર્શન-જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય-સ્વભાવ છે તે જ તેનો ધર્મ છે. વળી દશ પ્રકારના ક્ષમાદિ ભાવ તે પણ ધર્મ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય છે તે ધર્મ છે તથા જીવોની રક્ષા કરવી તે પણ ધર્મ છે.

(૧) જુઓ ધર્મની વ્યાખ્યા કરે છે. સ્વભાવ તો ત્રિકાળ છે અને ધર્મ તો વર્તમાન ક્ષણિક પર્યાય છે છતાં અહીં ત્રિકાળ સ્વભાવનો નિર્ણય કરીને એમાં વળીને અભેદ થાય છે તેથી સ્વભાવને પણ ધર્મ કહ્યો છે. બધા આત્માને ત્રિકાળ સ્વભાવ તો છે પણ વસ્તુસ્વભાવને ધર્મ કેમ કહ્યો? કે પર તરફનું લક્ષ છોડાવી સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે એમ બતાવીને વસ્તુસ્વભાવમાં ધર્મની પર્યાય અભેદ થાય છે માટે એને ધર્મ કહ્યો છે. ધર્મ બહારની ક્રિયામાં તો નથી પણ દયા, દાન, ભક્તિ પૂજાના શુભભાવ થાય એમાં પણ નથી. આખા જગતના જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે આત્માનો ધર્મ છે એમ નિર્ણય થયો એ જ ધર્મ છે. અત્યારે અભેદની અપેક્ષાએ... ત્રિકાળી સ્વભાવને ધર્મ કહ્યો છે. પર્યાયમાં ધર્મ થાય છે એ ધર્મની વાત નથી. કેમકે તે ભેદ વિવક્ષામાં જાય છે. જેમ ગોળનો ગળપણ, મીઠાનો ખારો, અફીણનો કડવો અને લીંબુનો ખાટો સ્વભાવ છે એમ આત્માનો જ્ઞાનદર્શન સ્વભાવ છે એની વાત છે.

(૨) દશ પ્રકારના ક્ષમાદિ ભાવો તે પણ ધર્મ છે.

(૩) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ છે.

(૪) જીવોની રક્ષા કરવી તે પણ ધર્મ છે. આ ચાર પ્રકારના ધર્મમાં ત્રણ તો નિશ્ચયધર્મ છે અને ચોથો જીવોની રક્ષા કરવી તે વ્યવહારધર્મ છે. આ વાતને જેમ છે તેમ યથાર્થ સમજ્યા વિના આ મનુષ્યભવનું પચીશ-પચાસ વર્ષનું આયુષ્ય મળ્યું છે તે પૂરું થઈ જશે તો ક્યાંય આરો આવશે નહિ. આ જગતની કોઈ વસ્તુ, પૈસો, સ્ત્રી-કુટુંબ, મકાન અને આબરૂ કાંઈ સાથે આવશે નહિ માટે સમજો અને આત્માનો સ્વભાવ તે ધર્મ છે એનું ગ્રહણ કરો.

ભાવાર્થ:—અભેદ કથનથી આત્માને ચૈતન્યસ્વભાવ એ જ ધર્મ છે અને ભેદથી કહીએ તો ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણ અને રત્નત્રયાદિ ધર્મ છે. વળી નિશ્ચયથી તો પોતાના ચૈતન્યની રક્ષા કરવી અને વિભાવ પરિણતિરૂપ ન પરિણમવું તે ધર્મ છે અને વ્યવહારથી પરજીવોને વિભાવરૂપ એટલે દુઃખ-કલેશરૂપ ન કરવા અર્થાત્ તેના જ ભેદરૂપ અન્ય જીવોને પ્રાણાંત ન કરવા તે પણ ધર્મ છે.

આત્માની શ્રદ્ધા કરીને આત્મામાં અભેદ થયો તે ધર્મ છે. જેમ સોનું જોઈતું હોય તેણે સોનાની ખાણ સામું જુએ તો મળે એમ આનંદસુખ જોઈતું હોય તેણે આત્માના આશ્રયે મળે એમ છે. તે જ ધર્મ છે. એ દશલક્ષણ તથા રત્નત્રય વગેરે રૂપ છે. જુઓ અહીં ચોથો ધર્મ જીવની રક્ષા કરવી તે છે. તો જીવમાં તો પોતાનો જીવ પણ આવી ગયો માટે પોતાની રક્ષા કરવી તે નિશ્ચય એટલે ખરેખર ધર્મ છે. પરની રક્ષા તો કોઈ પણ આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. પરની પર્યાય પરના કારણે થાય છે એના બદલે હું એ પર્યાયને કરી દઉં એ તો ભ્રાંતિ છે, ધર્મ નથી. એમાં તો પોતાની હિંસા થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો? હું પરની રક્ષા કરી શકું છું અને એવો અહિંસાનો ભાવ થાય છે એ ધર્મ છે એમ જે માને છે તે પોતાના ચૈતન્યપણાને હણી રહ્યો છે, તે જીવની રક્ષા કરતો નથી. સ્ત્રી કુટુંબાદિ રક્ષાના ભાવ કરતાં પોતાની રક્ષા જાય છે. ચૈતન્યનું રક્ષણ ચૂકી જાય છે. આત્મા ચૈતન્ય જાણનાર દેખનાર છે એ માનવું તે જીવદયા છે. લોકો હિંસા, અહિંસાના સ્વરૂપને જાણતા નથી. આ સિવાય હિંસા-અહિંસાનું બીજું સ્વરૂપ જ નથી. સસલાને શિંગડાં ઊગે તો આત્મા પરની દયા પાળી શકે. પણ એમ બનતું નથી. આત્મા જ્ઞાતા છે એનો નિર્ણય કરી લીન થવું તે અહિંસા અને સાચી જીવદયા છે. જગતના જીવોની આત્મા રક્ષા કરી શકતો હોય તો સ્ત્રી, દીકરો, બાપ વગેરે કુટુંબમાં કોઈને મરવા દે નહિ.

જગતની અંદર પાંજરાપોળ, હોસ્પિટલ, જીવદયામંડળી વગેરે જે ચાલી રહ્યું

છે તે એના કારણે ચાલી રહ્યું છે. આત્મા કાંઈ કરી શકતો નથી એમ જે માનતો નથી તે મોટી હિંસા કરી રહ્યો છે. ચૈતન્ય આત્માનું ખૂન કરી રહ્યો છે. જગત તો ઊંધું માનતું આવ્યું છે. જેમ માણસને ઊલટી થાય તો તે બહાર નીકળે છે અને સાચો આહાર હોય તે તો અંદર પેટમાં જાય છે. એમ આત્મામાં વિકાર થાય છે...એનું લક્ષ બહાર હોય છે અને આત્માનો આનંદરૂપી આહારની પર્યાય થાય તે અંદર અભેદ થાય છે. તેને ત્રિલોકનાથ તીર્થંકરદેવ ધર્મ કહે છે.

હવે કોઈ એમ કહે કે આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન અને રમણતારૂપ અભેદ થવું તે જ ધર્મ છે, ધર્મ બહારમાં નથી તો પછી આ જિનમંદિરો સ્વાધ્યાય મંદિરો માનસ્થંભ વગેરે કેમ થાય છે?

આ જિનમંદિરો વગેરે જગતના ક્રમ પ્રમાણે એના કાળે એના કારણે થયા છે. કોઈ બીજાએ એને કર્યાં નથી. ઉપદેશના કારણે પણ થયા નથી. જરા ધીરો થઈને સાંભળે તો આ બધું સમજાય એમ છે. જ્ઞાની ધર્મીને જ્યાં સુધી પૂર્ણ દશા થઈ નથી ત્યાં સુધી ધર્મીને એ પ્રકારનો રાગ આવ્યા વિના રહેતો નથી. પણ એ શુભરાગના કારણે થયા નથી. વીતરાગ પૂર્ણ ન થાય ત્યાં સુધી પૂજા-ભક્તિ-દાન-પ્રભાવના વગેરેનો રાગ ન આવે તો સમજવું કે તેને ધર્મની રુચિ જ નથી અને એવો રાગ આવે એને ધર્મ માની લે તો તે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મનો રાગ હોય તો બહારમાં એવો યોગ એના કારણે હોય છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જેમ છોકરા ઉપર રાગ હોય તો તેને માટે પૈસા રાખવાનો, ખરચવાનો ભાવ આવે છે. ત્યારે એવો બહારમાં મેળ દેખાય છે. એમ ધર્માનુરાગ ધર્મીને થાય છે તેમાં બહારનો યોગ એના કારણે હોય છે. એમ પરજીવની દયાનો ભાવ થાય તે રાગ છે. સ્વરૂપનું ભાન હોવાથી તેને વ્યવહારે અહિંસા કહેવાય છે અને એ રીતે ધર્મ પણ વ્યવહારથી કહેલ છે. [ ક્રમશઃ ]

શ્રોતાઃ—આત્માની સમજણમાં બુદ્ધિ પરોવાતી નથી તેનું કેમ?

પૂજ્ય ગુરુદેવઃ—બુદ્ધિ બીજામાં તો પરોવાય છે ને? તો બીજે બુદ્ધિ પરોવાય અને આત્મામાં ન પરોવાય એનું કાંઈ કારણ? સંસારના વેપારધંધા વગેરેમાં તો બુદ્ધિ પરોવે છે અને અંતરના ચૈતન્યને સમજવામાં બુદ્ધિને પરોવતો નથી તો તેને તેમાં પોતાનું હિત ભાસ્યું નથી. આમાં મારું કલ્યાણ છે—આમાં મારા પ્રયોજનની સિદ્ધિ છે—એમ તેને ચૈતન્યતત્ત્વનો મહિમા ભાસ્યો નથી; જો ચૈતન્યની રુચિ થાય તો તેમાં બુદ્ધિ લાગ્યા વગર રહે નહિ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પ્રદ્યુમનકુમારની કથા

卐

[ ગતાંકથી ચાલુ ]

તે પછી મધુએ ચંદ્રાભાને પોતાના ઘરમાં રાખી, પટરાણીનું પદ આપ્યું અને તેના સહિત આનંદ ક્રીડા કરે છે. ચંદ્રાભાનો પતિ રાજા વીરસેન રાણીના વિયોગરૂપ અગ્નિ વડે દુઃખી થયો અને તેના વિલાપથી ગાંડો થઈ ગયો અને ચંદ્રાભાનું રટણ કરી પોકાર કરતો પૃથ્વી વિષે ભ્રમણ કરે છે. એક વખત વિલાપ કરતો ભમતો ભમતો અયોધ્યા આવી પહોંચ્યો.

ચંદ્રાભા તે વખતે પોતાના મહેલના જરૂખામાં બેઠી હતી, તે પોતાના પતિને દેખી દયાવાન થઈ રાજાને કહે છે હે નાથ! મારા પૂર્વના પતિને દેખો! એ પ્રલાપ કરતા પાગલ થઈને ભમે છે. પણ રાજા મધુએ કાંઈ જવાબ દીધો નહિ. તે જ સમયે કોટવાલ એક પરસ્ત્રીરતને પકડી રાજા પાસે લાવ્યો અને કહ્યું હે દેવ! આ મહાપાપી છે. મોટો અપરાધ કર્યો છે. પરસ્ત્રીસેવનનો જે દંડ હોય તે આને આપો. ત્યારે રાજાએ કહ્યું કે પરસ્ત્રીસેવનનો દંડ હાથપગ ને માથું છેદ કહ્યો છે. ત્યારે રાણી ચંદ્રાભાએ રાજાને કહ્યું હે પ્રભુ! એવો મોટો તેણે શું અપરાધ કર્યો કે એવો દંડ આને આપો છો?

તેથી રાજાએ કહ્યું કે પરસ્ત્રીસેવન સમાન બીજું મોટું પાપ કયું છે? ત્યારે ચંદ્રાભાએ કહ્યું કે આ પાપનો દંડ પ્રજાને જ છે કે રાજાને પણ છે? ત્યારે રાજાએ કહ્યું બધાને માટે આ જ દંડ છે. ત્યારે રાણી હસી અને નીચું મુખ કર્યું; ભાવાર્થ તમે પણ પરસ્ત્રીરત પાપી છો! ત્યારે રાજા મનમાં સમજી હતાશ થઈ ગયા, જેમ દાહના માર્યા કમલ મુરઝાઈ જાય તેમ.

રાજા મનમાં ચિંતવે છે કે રાણીએ મારા કલ્યાણ માટે સાચી વાત કરી, પરસ્ત્રીનું હરણ દૂરગતિનું કારણ છે. રાજાને વૈરાગ્ય ઉપજ્યો અને રાણી પણ વૈરાગ્યરૂપ થઈ. રાજાને વિરક્ત જાણી ચંદ્રાભા કહે છે હે પ્રભુ! આવા અન્યાયરૂપ ભોગથી શું? આ પરસ્ત્રીનો વિષય કિંપાકફળ સમાન દુઃખદાયી છે, બાહ્ય મનોજ્ઞ લાગે તેથી શું? ભોગ તો પોતાને અને પરને સંતાપ ઉપજાવે, સમસ્ત વિષય શાસ્ત્રથી વિરુદ્ધ છે અને પરસ્ત્રીસેવન અને પરધન હરણ અને માંસ ભક્ષણ એ તો મહાપાપ છે. આવા પાપ કરનારા નરક નિગોદમાં જાય છે. એમ રાણી ચંદ્રાભાએ રાજા મધુને સંબોધન કર્યું.

ત્યારે રાજા મધુને પ્રતિબોધ થયો. મોહરૂપ મદિરાને તજી અને અતિ આદરથી રાજા રાણીને કહે છે કે હે સત્યભામીની! તેં સાચું કહ્યું, આવું કાર્ય ભલા પુરુષને યોગ્ય

નથી. એનાથી નરકાદિની પીડા ઉપજે છે. આવું કરનારા મહાપાપી આ ભવમાં દુઃખી થઈ અપયશ પામે છે અને પરભવમાં નરકમાં જાય છે. મારા જેવો રાજા એવું નિંદ્ય કર્મ કરે તો પ્રજાને કોણ નિવારે! નિજ સ્ત્રી વિષે પણ જો અધિક રાગ કરે તો તે પણ કર્મબંધનું કારણ નિંદ્ય છે તો પરસ્ત્રીસેવનની શું વાત? પરસ્ત્રીસેવન સમાન બીજું કોઈ પાપ નથી.

મનરૂપ માતા હાથી જ્ઞાનરૂપ અંકુશ કરી રોકવા છતાં ખોટા માર્ગમાં લઈ જાય છે તે મનરૂપ મતંગ ગજને તીવ્ર તપરૂપ અંકુશ કરી ખોટા માર્ગથી પાછો લાવી માર્ગ વિષે ચલાવે તે ધન્ય છે. કામ-લોભની વાસના કરી ઉન્મત્ત થયેલ મનરૂપ હાથીને તપ સંયમરૂપ દંડ કરી જ્યાં સુધી પાછો ન વાળે ત્યાં સુધી મદનો અભાવ કેમ થાય? જ્યાં સુધી મનરૂપ મતંગ હાથીને વશ ન કરે ત્યાં સુધી તેના ઉપર ચઢવાવાળાને ભય જ હોય છે, કુશળતા નથી. એમ કહી રાજા મધુએ મનનો વેગ રોકી જ્ઞાનરૂપ જળથી બુદ્ધિ નિર્મળ કરી.

ભવતાપની શાંતિ માટે રાજા મુનિવ્રત ધારણ કરવા ઉદ્યમી થયા તે વખતે એક વિમલવાહન નામના મુનિરાજ અયોધ્યાના સહસ્રામ્રૃત નામના વનમાં સહસ્ર મુનિ સહિત પધાર્યા. મુનિઓનું આગમન સાંભળી રાજા મધુ અને કૈટભ બન્ને ભાઈ પરિવાર સહિત સાધુના સમીપ ગયા, વિધિપૂર્વક મુનિરાજની પૂજા કરી ધર્મનું શ્રવણ કર્યું. સંસાર-શરીર-ભોગથી વૈરાગ્ય ઉપજ્યો છે તે રાજા મધુ કૈટભ સહિત મુનિ થયા અને અન્ય પણ હજારો રાજા મધુની સાથે મુનિ થયા અને ચંદ્રાભા આદિ અનેક રાણીઓ અર્જિકા થઈ. અનેક પ્રકારથી તપ કરી છેલ્લે એક માસનો સંન્યાસ કરી શરીર તજી સોળમાં સ્વર્ગમાં રાજા મધુ ઈન્દ્ર થયા અને કૈટભ દેવ થયા, હજારો દેવના નાયક થયા બાવીશ સાગર બંનેનું આયુષ્ય થયું બંને સમ્યગ્દૃષ્ટિ સુખ ભોગવી મધુનો જીવ રૂક્મણીની કૂખમાં કૃષ્ણ નામના નવમા નારાયણનો પ્રદ્યુમન નામનો પુત્ર થયો, બીજો ભાઈ કૈટભ દેવલોકથી ચ્યવીને તેનો ભાઈ જાંબુવતી માતાનો શંબુકુમાર નામનો પુત્ર થયો. એ બંને ભાઈ જન્માંતરથી પરસ્પર હિત વિષે ઉદ્યમી મહાધીર ચરમ શરીરી પ્રદ્યુમન અને શંબુકુમાર આ જ ભવથી મોક્ષ જશે.

પહેલો રાજા વીરસેન જે ચંદ્રાભાનો પતિ હતો તે સ્ત્રીના વિરહના કલેશથી આર્તધ્યાન વડે ચિરકાળ સંસારવનમાં ભ્રમણ કરી મનુષ્ય થયો અને અજ્ઞાન તપ કરી ધૂમ્રકેતુ નામનો અસુરદેવ થયો. તેણે વિભંગ અવધિથી પૂર્વભવના સ્ત્રીહરણનું જાણી વેરભાવથી બાળક પ્રદ્યુમનનું હરણ કર્યું. ધિક્કાર છે આવા વેરને જે પાપને વધારનાર છે! પ્રદ્યુમન પૂર્વભવના પુણ્યથી કષ્ટમાં પણ રક્ષિત થયો.

સીમંધરદેવે આ કથા કરી તે સાંભળી પદ્મરથ ચક્રવર્તી પ્રમોદરૂપ થયા. નારદ પણ આ કથા સાંભળી જિનેશ્વરને પ્રમાણ કરી હર્ષિત થઈને ચાલ્યા ને આકાશમાર્ગે તુરત મેઘકુટનગર ગયા. કાલસંવર વિદ્યાધર રાજાએ નારદનો બહુ વિનય કર્યો. નારદ પુત્રના લાભનો ઉત્સવ કરી આનંદ ઉપજાવી કનકમાળા રાણીના મહેલે ગયા. રાણીએ નારદનો બહુ વિનય કર્યો. પુત્રને નારદે દેખ્યો. જેની સેંકડો કુમાર સેવા કરે છે એ પ્રદ્યુમનકુમારને દેખી

નારદ પ્રસન્નતાથી રોમાંચિત થયા પણ કોઈને ભેદ બતાવ્યો નહિ. રાજા રાણી કુંવરે પ્રમાણ કર્યા. નારદ તે સૌને આશિષ દઈને આકાશમાર્ગથી શીઘ્ર દ્વારિકા આવ્યા.

પ્રદ્યુમનની કથા પૂર્વભવ સંબંધી જિનેન્દ્રના મુખથી સાંભળી હતી તે વાર્તા યાદવોને કરી. મેઘકુટનગરમાં પ્રત્યક્ષ પ્રદ્યુમનને જોઈ આવેલ તે યાદવોને કહી સંભળાવતા સર્વને હર્ષ થયો. ત્યાંથી નારદ રૂક્મણીના મહેલે ગયા. હે રૂક્મણી! તારો પુત્ર મેઘકૂટનગરમાં કાળસંવર રાજાના ઘરમાં અનેક રાજકુમાર સહિત રમતા દેખ્યો ને સાક્ષાત્ દેવકુમાર જ છે, એવો રૂપવાન બીજો નથી. તારો પુત્ર સોળમાં વર્ષે સોળ લાભ સહિત પ્રજ્ઞપ્તિ વિદ્યાને લઈને આનંદરૂપ આવશે. જે દિવસે તે આવશે તે દિવસે તારા મંદિરમાં ઉપવન વિષે મણિવાવડી સુકાઈ ગઈ છે તે જળથી ભરાઈ જશે અને કમળ ખીલશે અને અનેક ચમત્કારો થશે તે જોઈ તારા બાળકનું આગમન જાણજે. હે પુત્રી! તું સીમંધરસ્વામીના વચન અન્યથા ન જાણજે.

આ રીતે નારદના મુખથી પુત્રની કથા સાંભળી શ્રદ્ધા કરી નારદને કહે છે કે હે ભાઈ! આવું કાર્ય તમારાથી બને, બીજાથી ન બને, હું તો તમારી બાલિકા છું, હું પુત્રના શોકથી બળતી હતી, મારે કોઈ આલંબન હતું નહિ. તમે હસ્તાવલંબન દઈને મને સ્થિર કરી. જે સીમંધર ભગવાને કહ્યું છે તે સત્ય જ છે. મને પુત્રના દર્શન જરૂર થશે. હું જિનેન્દ્રના વચનથી જીવું છું. આ રીતે નારદને મધુર વચન કહ્યા ત્યારે નારદ આશિષ આપીને વિદાય થયા. આ મોક્ષે જનારા પ્રદ્યુમન અને શંબુકુમારના પૂર્વભવનું ચરિત્ર કહ્યું.

[ પ્રદ્યુમનકુમાર કાળસંવરને ત્યાં પૂર્વભવની પત્ની ચંદ્રાભા હતી તે વર્તમાન કનકમાળા માતાની ગોદમાં મોટો થઈ રહ્યા છે અને પુણ્યના પ્રભાવથી આશ્ચર્યકારી સાહસ વડે દેવોને હરાવી દૈવી સોળ વિદ્યાઓ પ્રાપ્ત કરે છે અને સોળ વર્ષનો નવયૌવન રૂપસુંદર થતાં માતા કનકમાળાને પુત્ર ઉપર પૂર્વસંસ્કારથી કામવાસના જાગૃત થાય છે અને તે પ્રસંગથી કનકમાળા સાથે વિરોધ થતા પિતા કાળસંવર સાથે પુત્રને યુદ્ધ થાય છે. પિતાને હરાવે છે તે વખતે નારદ ત્યાં આવે છે અને તું કૃષ્ણ રૂક્મણીનો પુત્ર છો તારું હરણ થવાથી અહીં મોટો થયો છો વગેરે વાત કરી, તેથી માતા-પિતા પાસે દ્વારિકા જવા તૈયાર થાય છે. વિદ્યાધર માતા પિતા પાસે ક્ષમા માગી દ્વારિકા જવાની આજ્ઞા માગે છે. તે પછી વિદ્યાવડે અનેક આશ્ચર્યો કરીને દ્વારિકાના લોકોને મુગ્ધ કરે છે તથા માતા રૂક્મણી આદિને મળે છે તથા વિદ્યા વડે બાળક્રીડા આદિ કરીને માતાને પ્રસન્ન કરે છે. આ કથા એમ પ્રેરણા આપે છે કે એક શિયાળીયા જેવું તુચ્છ પ્રાણી મનુષ્ય થઈ મુનિ હિંસા કરવા જાય છે અને મુનિના પ્રભાવથી જૈનધર્મને ગ્રહણ કરી ઉન્નતિક્રમમાં પરિણામને ઉજ્જવળ કરી નેમપ્રભુના કુળમાં જન્મ લઈ અનેક આશ્ચર્યકારી વિદ્યાઓ સાધીને તેનો પણ મોહ છોડી મુનિ થઈ મોક્ષ જાય છે તે અંદરમાં શાશ્વત સિદ્ધ સ્વરૂપ પડ્યું છે તેની શ્રદ્ધાના બળે મોહનો સર્વથા નાશ કરી સિદ્ધ થઈ જાય છે. ] —શ્રી હરિવંશપુરાણમાંથી ટૂંકસારરૂપ

# □ ધર્મની શરૂઆત □

પ્રથમ ધર્મની શરૂઆત એટલે કે સમ્યગ્દર્શન કેમ થાય ? તેની આ વાત છે. આત્મામાં પરવસ્તુ તો નથી, ને એક સમયનો વિકાર-સંસાર છે તે પણ આત્માના સ્વભાવમાં નથી. આખી વસ્તુને એક સમયના વિકારવાળી માનવી તે પણ અધર્મ છે ને અલ્પ ઉઘાડવાળી જ્ઞાનદશા જેટલો આત્માને માનવો તે પણ અધર્મ છે. આત્માનો સ્વભાવ તો એક સમયમાં બધું જાણે તેવા સામર્થ્યવાળો છે. આત્મા અનંતગુણથી પરિપૂર્ણ છે. તેમાં વર્તમાન જ્ઞાનની અવસ્થાને કાયમી સ્વભાવ સાથે એકત્વરૂપ કરવી ને પૂર્ણ ચૈતન્યદ્રવ્યને સ્વીકારવું તેનું નામ સમ્યગ્દર્શન છે ને ધર્મની શરૂઆત છે.

આવું માને તેણે શું માન્યતા છોડવી પડે ? કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર કે જેઓ નિમિત્તથી-પરથી કે વિકારથી ધર્મ માને-મનાવે તેઓની માન્યતા તો પહેલે જ ઝપાટે છોડી દેવી જોઈએ. અધૂરી દશાના આશ્રયે કલ્યાણ થાય એ માન્યતા પણ છોડી દેવી જોઈએ. આઠ આઠ વર્ષની બાલિકા હોય તેને પણ આવું યથાર્થ ભાન થાય છે. માટે "અમે તો ગામડામાં જન્મેલાં ને ઓછી બુદ્ધિવાળા તથા ઘણો કાળ ધંધામાં ગયો, તો હવે આત્માની વાત કેમ સમજાય ?"—એમ ન માનવું. બધા સમજી શકે તેવા આત્મા છે. પણ અંતરમાં નજર વાળવી જોઈએ. નજર કરતાં ખ્યાલ કરી લે એવી વસ્તુ છે.

કોઈ એમ માને કે ઉઘાડવાળી ક્ષયોપશમદશા તે ક્ષાયિકનું કારણ થાય તો તે પણ પર્યાયબુદ્ધિ-વ્યવહારની મુખ્યતાવાળા-વ્યવહારમૂઢ છે. પૂરો આત્મા જેણે માનવો હોય તેણે કુદેવાદિની લવથવ છોડવી, આદર છોડવો, પ્રશંસા છોડવી ને પોતાની પર્યાયમાં દેવ-ગુરુની પ્રશંસા વગેરેનો શુભરાગ થાય તે પ્રશંસા પણ છોડવી, તેમ જ વર્તમાન ઉઘાડની પ્રશંસા અને અહંકાર છોડવો. જો જ્ઞાનના અલ્પ ઉઘાડને જ આખું સ્વરૂપ માને તો તેની પ્રશંસા અને અહંકાર કર્યા વિના રહે નહિ. પણ અખંડતત્ત્વને માને ને તે અલ્પ ઉઘાડમાં પૂરું ન માને તેને તેનો અહંકાર કે પ્રશંસા ન થાય. એટલે પર્યાયને અભેદ સન્મુખ કરીને તેની પ્રતીત કરે તે જ નિશ્ચયસમ્યક્ત્વ છે અને તે જ ધર્મની શરૂઆત છે. વર્તમાન જ્ઞાનને અંતરમાં વાળતાં અપૂર્ણતા કે પર્યાયની મુખ્યતા દેખાતી નથી, એટલે આત્મા પરિપૂર્ણ જ પ્રતીતમાં આવે છે.

જેવો શ્રી સર્વજ્ઞભગવાનની વાણીમાં આત્મા કહ્યો છે તેવો નિર્ણય કરવો જોઈએ. શ્રી સર્વજ્ઞભગવાને કેવડો આત્મા કહ્યો છે? જેવા પોતે પૂર્ણ છે તેવડો જ આત્મા કહ્યો છે, તેનાથી અધૂરો કહ્યો નથી. સર્વજ્ઞદેવના જ્ઞાનમાં રાગરહિત બધી ચીજો ભિન્ન ભિન્ન જણાય છે, એવા સર્વજ્ઞભગવાન આત્માનું સ્વરૂપ અધૂરું કે વિકારી કહે નહિ. માટે પહેલાં તો શ્રી સર્વજ્ઞદેવ કેવા હોય, તેના સાધકસંતોની દશા કેવી હોય ને તેમની વાણી કેવી હોય, એમ દેવ-ગુરુ શાસ્ત્રની ઓળખાણ થવી જોઈએ. સર્વજ્ઞદેવ કહે છે કે હે ભાઈ! તારે તારા આત્માને અપૂર્ણ માનવો પાલવશે નહિ. જો અપૂર્ણતાવાળો જ માની લઈશ તો અપૂર્ણતા ટળશે શી રીતે? દરેક આત્મા પ્રભુ છે, પૂર્ણ સામર્થ્યવાળો છે. અપૂર્ણતા અવસ્થામાં ભલે હો, પણ સદા અપૂર્ણતા જ રહે અને પૂર્ણતા કદી પ્રગટી શકે જ નહિ—એવું તેનું સ્વરૂપ નથી. એકેક આત્મા શક્તિપણે નિર્લેપ, પરિપૂર્ણ, પરમાત્મા છે—એવો ભગવાનની વાણીનો પોકાર છે. એવા પૂર્ણ આત્માને ઓળખીને તેના અનુભવથી જ સમ્યગ્દર્શન થાય છે અને ત્યારે જ ધર્મની શરૂઆત થાય છે. એ સિવાય ધર્મની શરૂઆત થતી નથી.

શ્રી સર્વજ્ઞભગવાન કહે છે કે—અહો! ચૈતન્યઘન સ્વભાવ ઉપર દૃષ્ટિ આપીને અંતર્મુખ એકાગ્ર થતાં મેં કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. દરેક જીવને અંતરમાં ચૈતન્ય દરિયો છલોછલ છલકાઈ રહ્યો છે, અંતરદૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. આખો પરિપૂર્ણ ચૈતન્ય આત્મા છે, તેનું ભાન કર્યા સિવાય વ્યવહારથી અર્થાત્ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી સાચું સમ્યક્ત્વ થતું નથી.

આ પોતાનું કરવા માટે વાત છે. ભાઈ! તું તારું તો કર! તારું તે સુધાર? તારા અંતરમુખમાં જો. આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. અલ્પતાનો નિષેધ કરનાર અને આખા ચૈતન્યતત્ત્વનો સ્વીકાર કરનાર સમ્યગ્દૃષ્ટિ છે. આ વાત તો જગતને પહેલી સમજવા જેવી છે. બીજું તો આવડે કે ન આવડે, પણ આ સમજવા જેવું છે. આ સમજશે તો ભવથી નિવેડા આવશે.

દરેક આત્મા પોતાના સ્વભાવથી પૂરો છે ને દરેક પરમાણુ પણ તેના સ્વભાવથી પૂરો છે. દરેક તત્ત્વ પરિપૂર્ણ છે, કોઈ તત્ત્વ કોઈ તત્ત્વનો આશ્રય માગતું નથી; એમ સમજીને પોતાના આત્માની શ્રદ્ધા કરવી તે સમ્યક્ત્વ છે. એ જ દરેક આત્માર્થી જીવનું પહેલું કર્તવ્ય છે. —સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

✻ સીમંધર-જિનમંદિરનો વાર્ષિક અષ્ટાહ્નિકા-પ્રતિષ્ઠોત્સવ:—વિ. સં. ૧૯૯૭માં પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી-દિગંબર-જિનમંદિરની પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે વાર્ષિક-ઉત્સવ મહા વદ-૯, શનિવાર, તા. ૨૧-૨-૯૮થી ફાગણ સુદ-૨ શનિવાર, તા. ૨૮-૨-૯૮ સુધી 'શ્રી સીમંધરાદિ-વિંશતિ-વિરહમાન-જિનમંડલવિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મ-તત્ત્વજ્ઞાનોપાસના આદિ વિભિન્ન કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

✻ પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ:—સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીના અતિ મનોજ્ઞ પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો તેરમો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ-૩, રવિવાર, તા. ૧-૩-૯૮થી ફાગણ સુદ-૭, બુધવાર, તા. ૪-૩-૯૮ સુધી શ્રી 'પંચ-કલ્યાણકપૂજાવિધાન', નંદીશ્વર-જિનભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાનોપાસના આદિ વિભિન્ન કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ:—ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૫-૩-૯૮થી તા. ૧૩-૩-૯૮ સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં 'શ્રી પંચમેરુ નંદીશ્વરપૂજા-વિધાન', તેમ જ જિનેન્દ્રભક્તિ અને અધ્યાત્મજ્ઞાનોપાસના પૂર્વક ઉજવવામાં આવશે.

✻ પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ:—ફાગણ સુદ-૧૩, મંગળવાર, તા. ૧૦-૩-૯૮ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરની ૨૪મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

✻ બેંગલોર-પંચકલ્યાણક-પ્રતિષ્ઠાના વિસ્તૃત સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

## ✻ ગુરુ-જન્મજયંતી-પત્રિકાની લેખનવિધિ ✻

પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૧૦૯મા વાર્ષિક જન્મજયંતી મહોત્સવ (તા. ૨૪-૪-૯૮ થી તા. ૨૮-૪-૯૮)—કે જે શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી-પરિવાર, હસ્તે શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મોદી તરફથી અતિ આનંદોલ્લાસ-પૂર્વક ઉજવાનાર છે—તેની નિમંત્રણ-પત્રિકાની લેખનવિધિ તા. ૨૨-૩-૯૮ રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવી છે.

શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ દ્વારા આયોજિત
સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તરત્ન
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

## ૬૬મો

## 卐 સમ્યક્ત્વજયંતી–મહોત્સવ 卐

[ તા. ૧૯–૩–૯૮ થી તા. ૨૩–૩–૯૮ ]

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ–ઉપદેશના પ્રતાપે જેઓશ્રીએ નાની વયમાં સ્વાનુભૂતિ-રસાસ્વાદ કરી લીધો હતો તે કહાન-ગુરુ-ભક્ત-રત્ન પૂજ્ય બહેનશ્રીની ૬૬મી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ, શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ તરફથી તા. ૧૯–૩–૯૮, ગુરુવારથી તા. ૨૩–૩–૯૮, ફાગણ વદ–૧૦—પાંચ દિવસ સુધી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે.

આ પાંચ-દિવસીય સમ્યક્ત્વજયંતી-મહોત્સવ શ્રી ચૌંસઠ-ઋદ્ધિ મંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અધ્યાત્મ વિડિયો-ઓડિયો ટેપ-પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા, દેવ-ગુરુ-ભક્તિ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સ્વાનુભૂતિ-પ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા સોનગઢ પધારવા હાર્દિક અનુરોધ છે.

[ સમાગત મહેમાન માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક છે. ]

નિમંત્રક—

શ્રી દિગંબર જૈન સંઘ વાંકાનેર
પ્રમુખ—ધીરજલાલ દલપતરાય સપાણી

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* સાધ્ય એવો જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધભગવંતો છે. દ્રવ્યસ્તુતિ દ્વારા 'હે સિદ્ધ પરમાત્મા!' એમ કહે છે ત્યાં ભાવસ્તુતિ દ્વારા પોતાના આત્મામાં પડઘો પડે છે કે 'હે સિદ્ધ પરમાત્મા!' આ રીતે સાધ્ય તો માત્ર પોતાનો આત્મા જ છે પણ સિદ્ધભગવંતો સાધ્યના પ્રતિચ્છંદના સ્થાને છે. એવા તે સિદ્ધ પરમાત્માના સ્વરૂપનું ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે, સિદ્ધરૂપે જ મારું સ્વરૂપ છે, એવા સિદ્ધસ્વરૂપ નિજ આત્માને ધ્યાઈને, સંસારી જીવો તેમના જેવા થઈ જાય છે. ૮૪.

* સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ત્રિકાળી ધ્રુવ આત્માને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો. અધિક એટલે પરથી ભિન્ન. સમયસારની ૩૧મી ગાથામાં આવે છે : 'णाणसहावाधिअं मुणदि आदं'—....જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્માને. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી—વિષયોમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પણ આવી ગયા—ભિન્ન પોતાના પૂર્ણજ્ઞાનસ્વભાવી આત્માની નિર્મળ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને સાથેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૮૫.

* ગમે તે પ્રસંગમાં પ્રત્યેક પળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર રાખવો. પ્રતિક્ષણ પૂર્ણાનંદના નાથને—જ્ઞાયક પ્રભુને મુખ્ય રાખ. અનાદિ અજ્ઞાનથી જીવને પર્યાયની, શુભાશુભ રાગની ને વ્યવહારની પ્રમુખતા રહી છે; હવે તે છોડી, આનંદકંદ શુદ્ધ જ્ઞાયકને ઓળખી તેને જ દૃષ્ટિમાં ઊર્ધ્વ રાખ. દૃષ્ટિમાં ધ્રુવ જ્ઞાયકની પ્રમુખતા છૂટી જાય તો સમ્યગ્દર્શન રહે નહિ. ૮૬.

* ચક્ષુની માફક આત્મા માત્ર જાણે-દેખે જ છે; પરને તો કરતો નથી, રાગાદિને તો કરતો નથી, પણ સંવર-નિર્જરા ને મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહાહા! જે થાય તેનો માત્ર જાણનાર....જાણનાર ને જાણનાર જ આત્મા છે. ૮૭.

## * પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે *

પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે અને તું પણ તને ભગવાન તરીકે જો તો ભગવાન થઈશ. નિર્મળ પર્યાયથી પણ ભિન્ન જે ભૂતાર્થ વસ્તુ છે તેને શુદ્ધ કહેવામાં આવે છે, તેના પર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ થશે ને મિથ્યાત્વનો વ્યય થશે. માટે શુદ્ધ વસ્તુમાં જા—તેની દૃષ્ટિ કર. સંયોગથી તો ભિન્ન, દયા--દાનના વિકલ્પથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન વસ્તુ શુદ્ધ છે, તેની દૃષ્ટિ કરતાં ધર્મની શરૂઆત થાય છે. આ એક જ ધર્મની રીત છે, ધર્મની વિધિ છે, ધર્મની કળા છે. બીજા લાખ ઉપાયે પણ ધર્મ થશે નહીં.

*—સ્વાનુભૂતિરત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]